આત્મબોધ.

અને

જીવની ઉત્પત્તિ.



आत्मवाद.

अने

जीवनी उत्पत्ति.

આવૃત્તિ બીજી.

'હશે શું આ કાચ કદાચ હીરો',
'ઝવેરિ જાણે અથવા અમીરો';

પ્રસિદ્ધ કરનાર

શ્રી જૈન ધર્મ પ્રવર્ત્તક શાખા સભા

વીરમગામ.

અમદાવાદ.
"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટિંગ પ્રેસ."

સન ૧૮૯૧—સંવત ૧૯૪૭

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ લઘુ પુસ્તકની પ્રથમ આવૃત્તિની ૫૦૦ નકલો ખપી ગયા બાદ તેની માગણી ઘણે સ્થળેથી થવા માંડેલી, પરંતુ કેટલીક અનિવાર્ય અડચણોને લીધે બીજી આવૃત્તિ બહાર પાડવાનું ગયા વરસથી બની શક્યું નહોતું. આ આવૃત્તિમાં કેટલાંક રસીક ગાયનોનો ઉમેરો કર્યો છે, અને બધા પુસ્તકને શાસ્ત્રદોષ રહિત તથા શુદ્ધ કરવાને બનતો પ્રયાસ કર્યો છે; તે છતાં પણ જો કોઈ સ્થળે દોષ અગર અશુદ્ધિ રહી ગઈ હોય તો તેને માટે મિચ્છામી દુક્કડં માગી લઈએ છીએ અને વાચક વર્ગને વિનંતી કરીએ છીએ કે તેઓ તેને સુધારી વાંચશે.

વીરમગામ.
અક્ટોબર ૧૮૯૧

શ્રી જૈનધર્મ પ્રવર્તક
શાખા સભા.

પ્રસ્તાવના.

આત્મચિન્તન કરી, આત્મકલ્યાણની આકાંક્ષા રાખવી એ પ્રાણી માત્રની અગણીત ફરજોમાંની ઓછી અગત્યતા ધરાવનારી ફરજ નથી. પોતે ક્યાંથી આવ્યા, શા કર્મોદયે, અને શી સ્થિતિમાં શા પ્રમાણે આચરવાથી, કહેવાતા સુખથી કરોડો ગણે ચડીયાતા અક્ષય સુખની પ્રાપ્તિ થશે એ વિચારવું તે સમજુ આત્મકલ્યાણીનું આભૂષણ છે. પણ સાધન વિના શું સાધ્ય ઉત્પન્ન થાય? કારણ વીના કાર્ય ઉત્પન્ન થાય? લેખણ, કાગળ કે ખડીઆ વગર લખાય? રંદા વિના પાટીયાની સપાટી સાફ થાય? તેમજ આત્મ સ્વરૂપ ચિન્તન કરવાના સાધનો વિના આત્મસ્વરૂપનું ચિન્તવન થાય? ના, એ વાત સ્પષ્ટજ છે; માટે આ ઉપરથી એ તો પ્રગટજ છે કે આત્મસ્વરૂપ ચિન્તન કરાવી શિવપુરના માર્ગમાં પ્રવેશ

કરાવનારા પુસ્તકની અગત્ય હતી. આ પુસ્તકથી ઉપર કહેલી ગતલબ કેટલેક દરજજે હાંસલ થશે એમ આશા રાખીએ છીએ.

જૈનધર્મ પ્રવર્તક શાખા સભા.

મુ૦ વીરમગામ.

મંગળાચરણ.

સ્રગ્ધરા.

વિશ્વાધારા તમારા ચરણયુગ ધરા
ધારનારા ધરાગે,
મોક્ષાદિ સુખ માગ્યાં સુખ સરૂપ રૂખો
પોખનારા મનાગે;
આશે ધાતાં સકાશે નર સુર નૃપને
જોગની જ્યોત જાગી,
પાયે લાગ્યેજ લાગે અનુપ રસગયી
શાંતિ દો ભ્રાન્તિ ભાગી—૧

गद्य.

આત્મબોધ.

આ ક્ષણભંગુર અને અસાર સંસારમાં મનુષ્ય માત્ર, કામ, ક્રોધ, માન, માયા, મોહ, લોભ વિગેરે દુશ્મનોની જાળથી એવા તો સજ્જડ સપડાયેલા છે કે, તેમને પોતાના આત્માનું સાર્થક કરવાનું પણ સુજતું નથી. તેઓ આ દુનિયાના સ્વલ્પ, ક્ષણભંગુર, માની લીધેલા સુખમાં મગ્ન રહે છે. તેનીજ પાછળ કમ્મર કસી મંડયા રહે છે અને તેનેજ માટે પોતાની આખી જીંદગી બરબાદ કરે છે. આવી રીતનું બંધન બધાને સરખીજ રીતે અસર કરે છે. પછી તે રાજા હોય કે રંક હોય, ગરીબ હોય કે તવંગર હોય, નાનો હોય કે મોટો હોય, અગર નોકર હોય કે વેપારી હોય આ કારણને લીધે, એવા પુરૂષો જવલ્લેજ મળી આવશે કે જેઓ ઉપર કહેલા શત્રુઓના પાસથી વિરક્ત થઈ માત્ર આત્મકલ્યાણાર્થેજ મથતા હોય; વર્તમાન કાળના સ્વલ્પ સુખની આ-

કાંક્ષા ન રાખતાં, ભવિષ્યના અક્ષય સુખને વાસ્તે પ્રયત્ન કરતા હોય; અને આં ભવમાં જે સુખ મળે છે તે, પોતાની પૂર્વ ભવની શુભ કરણીને લીધેજ મળે છે એમ જાણી, આત્માને એવી શીખામણ આપતા હોય કેઃ—

"હે ચેતન! જે કાંઈ તને આ દુનિયામાં પ્રાપ્ત થયું છે તે પરભવની કાંઈ સારી કરણીને લીધેજ: અને હવે પછી તારે સુખ દુઃખમાં પ- ડવાનું તે સઘળાનો આધાર અહીં જે સારી કિંવા નરતી કરણી કરીશ તેનાજ ઉપર માત્ર રહેવાનો; વાસ્તે આ સ્વલ્પ ક્ષણભંગુર સુખથી ફુલાઈ જઈ મગરૂબીમાં ચઢી ન જતાં, મોહની રૂપી મદીરા પી તેથી ઉન્મત ન થતાં, જે જે કાર્ય તું કરે. તેનો સારી પેઠે વિચાર કર કે એ કર્ત્તવ્ય છે કે અકર્ત્તવ્ય છે. તું ક્યાંથી આવ્યો! ક્યાં જઈશ! તારે આ સંસારમાં શું શું કર- વાનું છે? અને જે કાંઈ કરી લેવાનું છે તેમાં સહુથી વધારે અગત્યનું શું છે? શું કરવાથી તું આ ભવસાગર તરવાને શક્તીવાન થઈશ? તારૂં

મૂળ રહેઠાણુ ક્યાં હતું? કયાં ક્યાં ફરી આવ્યો! તને શું શું દુઃખ પડયું હશે? અને કેટલા બધા પુણ્યની કરણી એકઠી થઈ હશે ત્યારે આ ઉત્તમ મનુષ્યભવ પામ્યો હઈશ; હવે તારે શુભ કાર્ય કરી સ્વધામના ખરા રસ્તા ઉપર ચઢી જવાનો ખરેખરો પ્રસંગ છે, તે જો ખોઈશ અને પ્રમાદમાં બેસી રહી, તેનેજ ખરૂં સુખ માની લેઈશ તો તારી શી ગતી થશે? ફરીને કયાં કયાં, રઝળવું પડશે! કેટલું કેટલું અસહ્ય દુઃખ સહન કરવું પડશે! અને પાછો ચોરાશી લાખ જીવાયોનીના ફેરામાં પડી ફરી મનુષ્ય ભવ પામવાને કયારે શક્તીવાન થઇશ? આવા દેહરૂપી માટીના પાંજરામાં પુરાએલા પક્ષીની માફક તું અનંતા કાળથી રખડે છે, એવાં એવાં કેટલાં અને કેટલી જાતનાં પાંજરાં તેં બદલ્યાં, કેટલું કષ્ટ ખમ્યો, ખમે છે અને હજુપણ ખમીશ. પૂર્વ પુણ્યયોગે મુક્તી માર્ગ સાચો પામ્યો છું તો હવે પ્રમાદ ન કરતાં આત્મ કલ્યાણાર્થે ચાલ્યો જા. આ ફાની દુનિયામાં કોઇ તારૂં નથી, કોઈ તને તારા ખરા

હિત્તમાં કામ આવવાનુ નથી; સર્વ સ્વાર્થ નિ-
ગિત્તેજ છે. તારા જાણવામાંજ છે કે મોટા મોટા
શેઠીઆઓ, રાજા રાણાઓ, પૃથ્વી પતીઓ, ચ-
ક્રવૃતિઓ સર્વ ચાલ્યા ગયા અને જાય છે; તેમનો
પરિવાર. તેમની રિદ્ધી, તેમની દોલત, ખજાનો
વિગેરે સર્વ અહીંજ રહ્યું, તેમાંનું જરા પણ તે-
મની સાથે ગયું નહીં; તેમ તેમને કાળરૂપી મા-
છીની જાળમાંથી મુક્ત કરવાને કોઈ પણ શક્તિ-
વાન થયું નહીં. ત્યારે હે! ચેતન! સમજ કે આ
જગત સર્વ મિથ્યા છે, તેમાં આવી રહેલી વ-
સ્તુઓ સમસ્ત, તને મુક્તિના રસ્તા ઉપર જતા
અટકાવનાર વિષય વાટ પાડુઓ છે. જેમ કોઈ
ખેલાડી કોઇ અણસમજુ બાળકને રંગ બેરંગી
સુંદર રમકડાં વિગેરે નજીવી ચીજો આપી, તેના
આભુષણ પ્રમુખ વિગેરે છીનવી લે છે તેમ આ
ક્ષણિક સંસારની મોહ માયા વિગેરે લાલચો,
તને ફાંદામાં નાંખી તારી પાસેની અનંતજ્ઞાનરૂપ
લક્ષ્મી દબાવી તને અનંતકાળ ભવસમુદ્રના મો-
જામાં ઝોલા ખાતો કરે છે. વાસ્તે મહા કષ્ટે

મળેલો આ શુભ અવસર જવા દીધો તો તારો કદી પાર આવવાનો નથી. ઉત્તમ મનુષ્ય ભવ, અને શ્રી જીનરાજ મહારાજનો સાચો ધર્મ પામ્યા છતાં, આત્માનો ઉદ્ધાર નહીં કરે ત્યારે પછી ક્યારે કરવાનો? મુક્તી માર્ગ સાચો પામ્યા છતાં અંધકારના રસ્તા ઉપર આથડનાર તારા જેવો બીજો કોણ ગમાર, કોણ મુઢ, અને કોણ અક્કલહીન દીવો લેઈ કુવે પડનાર હોય? તને આડે રસ્તે લેઈ જનાર તારા કટ્ટા અરિઓથી મુક્ત થવાને તું શ્રી જીનરાજ મહારાજના વચનો ઉપર આસ્થા રાખ; અને તેમનેજ દર્શાવેલ માર્ગે ચાલ્યો જા તો તને કાંઈ અડચણ નડવાની નથી, ભવસમુદ્રના મોજાં તને ડુબાડનાર નથી, તોફાની પવન તને હરકત કરનાર નથી, અને ટુંકામાં સ્વધામ પહોંચવામાં તને વિલંબ થવાનો નથી, કારણ કે તેજ અરિહંત ભગવાન તરણ તારણ ઝાઝ સમાન છે; તે પોતે તર્યા છે અને બીજાને તારવાને સમર્થ છે, તેમનોજ આશ્રય તારે લેવો અને તેમનાથીજ તારી સદ્દગતિ થવાની; તેજ વીર છે, તેજ અ-

૮ કર્મરૂપી અરીઓનો ઘાત કરી સ્વધામ પહોંચ્યા છે અને તેમનેજ વળગી રહેશે તે મુક્તી નગરીએ સીધો સમો સહિ સલામત પહોંચવાને શક્તિમાન થશે; જે પોતેજ સંસારની મોહ માયા રૂપી જાળમાં ફસાયલા છે, જેઓ પોતેજ ભવસમુદ્રમાં ઝોળા ખાય છે, અને જેઓ પોતેજ કર્મરૂપી અરીઓથી ઘેરાએલા છે, તેમનો આશ્રય લેવાથી શું વળવાનું? કંઈજ નહીં. તે તો કોઇ જન એક પાષાણ ઉપર બેસી સમુદ્ર તરવાનો ઇરાદો રાખે તેવું થાય.

આ ભવ અટવીના ફેરામાં તેં દરેક તરેહના પુદગળીક સુખનો અનુભવ લીધેલો અને તે દરેકને ચુસી ફેંકી દીધેલ, તેમાંને તેમાંજ હવે તારે આશક્ત રહેવું યોગ્ય નથી કારણ કે અનંતીવાર તેનો અનુભવ લીધો, અને તેમાંજ મગ્ન રહી ચોરાશી લાખ જીવાયોનીમાં ભ્રમણ કર્યું, એટલે પરિણામે અત્યંત, અસહ્ય દુઃખ ભોગવ્યું, જેનો વિચાર માત્ર કરતાંજ કંપારી છુટે; વાસ્તે હે! ચેતન! એ પુદળીક, માયીક,

સ્વરૂપ, માની લીધેલા સુખ તરફ વળણ કરાવ-નાર મનોવૃત્તિઓથી તું આડે રસ્તે દોરાઈ ન જ-તાં તેમના ઉપર પૂર્ણ જય મેળવ; અને તે તને દોરે એમ નહીં રાખ પણ તું તેમને તારી મરજી મુજબ તારા ખરા હિત કાર્યમાં પરોવ; તો તેથી પરિણામે તેની તેજ લાગણીઓ, ઇંદ્રીઓ વિગેરે જે તને પાષાણ રૂપ થઇ ભવ સમુદ્રના છેક ઉં-ડાં અગાધ તળિયે ડુબાડી દેતી હતી તેજ તને સહાયરૂપ થઈ ને સપાટી પર લાવી તારકરૂપ થઇ પડશે. ચક્ષુ, કર્ણ, નાસિકા મુખ વિગેરે ઇંદ્રી-ઓનો જેમ ખોટો ઉપયોગ થાય તેમ સારો પણ થાય. ચક્ષુવડે કરીને સત્પુરૂષોનાં, સાધુઓનાં અને શ્રી જીનરાજ મહારાજનાં દર્શન થાય તથા શા-સ્ત્રાભ્યાસ કરવામાં તેમનો ઉપયોગ થાય; કર્ણેક રીને તેવાજ ઉત્તમ પુરૂષોનાં વ્યાખ્યાન શ્રવણ ક-રાય તથા એવાંજ બીજાં સારાં કામમાં તેનો ઉપયોગ થાય; એવીજ રીતે બીજી બધી ઇંદ્રી-ઓને આત્મ કલ્યાણાર્થે વાપરી શકાય. વાસ્તે તે-ઓને જો તું અમર્યાદ છુટ આપી સ્વેચ્છાએ

ચાલવા દેઈશ તો તે નિઃશંક તને નરકાદિ વિ-
ગેરે અસહ્ય દુઃખ, જેની કલ્પનાજ માત્ર કરતાં
રૂવે રૂવાં ઉભાં થાય, તેના રસ્તામાં દોરી લેઈ
જવાની; પણ તેજ ઇંદ્રીઓને જો તું વશ રાખી,
તેમના ઉપર પૂર્ણ સત્તા મેળવીશ અને તેમનો
શાસ્ત્રોપદેશ પ્રમાણે ખરો ઉપયોગજ કરીશ તો
તારે ભવરટણ કરવાનું મટી જશે, અને ગર્ભાવા-
સનું અવર્ણનીય દુઃખ જેની તુલના કોઇ મનુ-
ષ્યના શરીરમાં સાડીત્રણ ક્રોડ સોય ઉની કરી
ચાંપવાથી પરિણામે જે દુઃખ ઉપજે તેનાથી
આઠગણા દુઃખની સાથે થાય છે, તેનાથી તું મુ-
ક્ત થઈશ અને છેવટે સ્વધામ પહોંચીશ.

વળી હે! ચેતન! વિચાર કર કે પૈસો એકઠો કર-
વો, આબરૂ મેળવવી વિગેરે સર્વ આ ક્ષણિક દુનિયાને
વાસ્તેજછે તેમાંથી તને કાંઈ વાસ્તવીક સુખ મળવાનું
નથી. જે કાંઈ સુખ તેમાંથી તને મળેછે અગર મળેલું
જણાયછે તેની સાથે એટલી બધી તરેહની દુગ્ધા-
ઓ વળગેલી હોયછે કે તેને "અવ્યાબાધ સુખ"
એવું નામ અપાયજ નહીં. એ સુખ તો કર્મરૂપી અ-

રીઓને જેગણે જીત્યા છે, અને જીતે છે તેમનેજ મળ્યું છે અને મળવાનું છે. વળી સંસારીક સુખ માત્રક્ષણિક સ્વમાવસ્થામાં મળે છે તેવું છે. વાસ્તે એકલા તે સંસારીક સુખની પાછળજ તારે મંડ્યા રહેવું નહીં. પણ તેમાં ઘટતો કાળ રોકી બાકીનો બચે તેટલો તારૂં ખરૂં હિત જે સમકય ગ્નાન, જેથી જાવત અક્ષય સુખની પ્રાપ્તી થવાની છે તેમાં ગાળવો જોઈએ. તેમાં રોકેલો કાળ તારો સાર્થક થવાનો છે બીજો વ્યર્થજ જવાનો છે. સંસારીક સુખ મેળવવામાં ઘટતોકાળ રોકવો એટલુંજ નહીં પણ તે સાથે તેની પ્રાપ્તી કરવામાં એવા પ્રયત્નો ન થવા જોઈએ; કે જેથી કર્મ બંધણી થાય. હર ઘડી તારે યાદ લાવવું જોઈએ કે સંસારીક સુખ, સંસારીક સ્નેહ, માયા વિગેરે બધું ક્ષણિકજ છે તેની પાછળ તું ગમે તેટલો કાળ ગાળીશ અને કષ્ટ વેઠીશ તે સર્વ વ્યર્થજ જવાનું છે. કારણ કે તેમાંથી ગમે તેટલા સુખની પ્રાપ્તી થાય તો પણ આખરે તે ક્ષણભંગુર માત્ર થોડા વખતનુંજ અને વળી તેની સાથે નાના પ્રકારની

જ જાણો, દુઃખો વળગેલી તેતો જુદીજ. આ દુનિયાનું સુખ ગમે તેવું હોય તોપણ તેની સાથે તેનું જોડું દુઃખતો વળગેલુંજ રહેવાનું. આ સંસારમાં જેમ સ્ત્રી પુરૂષનું, પશુ પક્ષીનું, રાત દિવસનું વિગેરે જોડાં છે, તે એક બીજાથી વિખુટાં પડતાં નથી તેમ સુખ દુઃખનું પણ જોડુંજ છે અને તે એકની પછી એક એમ આવ્યાજ કરે છે.

દોહરો.

ઉભકાળ વિકાળની, પાંખ ઉદયને અસ્ત;
નિશ્ચય તેની છાયમાં, વસ્તુ આવે સમસ્ત;

ઉદય એટલે ચઢતી અને અસ્ત એટલે પડતી એ બે વિકાળ (બહામણા કાળરૂપી પક્ષીની પાંખો છે અને તે બે પાંખોના સપાટામાં દરેક વસ્તુ જેને નામ માત્ર છે તે આવ્યા વિના રહેતી નથી. "કોઈના બારે દિવસ સરખા જતા નથી" એ કહેવત સાધારણ છે અને તે યોગ્યજ છે. ગમે તેટલી રિદ્ધિ તું ભોગવતો હોઈશ, ગમે તે પ્રકારના સુખમાં તું લીન થઈ ગયો હોઈશ, તો પણ તને

ખબર છે કે તે રિદ્ધિ, તે સુખ છેવટ સુધી, અરે આ દુનિયાની ટુંકી મુસાફરી સુધીજ ટકશે ! કદી નહીં; આવતી કાલે, અરે એક ક્ષણુ પછી શું થશે તે કહી શકાય નહીં, તો પછી હે આત્માતું ભવીષ્યના તર્કવિતર્ક કરે છે, તેને વાસ્તે સારી નરતી યોજનાઓ કરી રાખે છે, તે યોજનાઓ પાર પાડવાને અતી શ્રમ વેઠે છે, અરે શ્રમ વેઠે છે એટલુંજ નહીં પણ તેમાં કેટલાં સાચાં જુઠાં કરી કર્મ બાંધે છે, તેમાં ઘણી વખત નિષ્ફળ જાય છે, તોપણ તેમાંને તેમાંજ મંડયો રહે છે, તેની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જંપતો નથી અને તેમાં વખતે આખરે પણ ફતેહ ન પામ્યો તો અતિ કલેશ પામે છે. એ બધું શા વાસ્તે કરવું જોઈએ? ધન સંપાદન કરવાને, સંપાદન થયા પછી તેને સાચવી રાખવાને, અને તેમાંથી મળતા નાના પ્રકારના આ દુનિયાના સુખનો ઉપભોગ લેવામાં તું એટલો બધો લુબ્ધ રહે છે, અને તેમાં પોતાનું તન, મન અને ધન એટલું બધું રોકે છે કે જ્યાં સુધી યમ દૂતનું તેડું આવે છે ત્યાં

સુધી તારે અહીં શું શું કરી લેવાનું છે તેનો ક્ષણ માત્ર વિચાર પણ તું કરતો નથી. પછી આખરે જ્યારે આ માયીક ગામલો પ્રયાણે છોડવા વખત આવે છે ત્યારે એમ પશ્ચાતાપ થાય છે કે અરે મેં આ ધન સંપાદન કરવાને તથા તેને સાચવી રાખવાને તથા બીજાં સંસારીક કામોમાં જે જે કર્મ બાંધ્યાં તેજ હવે મારી સાથે આવનાર છે. તેનો મારે એકલાનેજ જવાબ આપવો પડશે. આમાનું કાંઈ મારી સાથે આવનાર નથી. એતો સઘળું અહીંજ પડી રહેશે અને જેના ઉપભોગને વાસ્તે મેં આ એકઠું કર્યું છે તે માંનો કોઈ પણ મને સહાય કરનાર નથી. આ· પ્રાપ્ત કરવાને જે કર્મો મેં બાંધ્યાં છે તેનું ફળ મારે એકલાનેજ ભોગવવું પડશે. મારે ભવરટણના ફેરામાં અથડાવું પડશે. અને અતિકષ્ટ વેઠવું પડશે. એ પ્રમાણે તે વખત બેશક પશ્ચાતાપ થયાવિના રહેતો નથી અને ભવભીતિ થાય છે. ત્યારે હે? આત્મા ! તું પેહેલીથીજ ભવભીરૂથા, પેહેલેથીજ ચેતી ભવરટણના ફેરામાં પડવાને વાસ્તી

રાખ અને કોઈ પુણ્યોદયે મળેલા ઉત્તમ મનુષ્ય જન્મ પામ્યાનું સાર્થક કરીલે. તેના સબંધમાં જે કાંઈ કરીશ તેજ તારૂં છે, તેજ તને ભાથારૂપ થઇ પડશે અને તેજ તને મુક્તિ નગરીએ પહોંચાડવામાં સહાયકારક થઈ પડશે. આ પુદગળીક સુખને વાસ્તે જે જે કરીશ તે બધું નિરર્થક જશે એટલુંજ નહીં પણ તે ઉલટું તને આ અનંત દુઃખમય સંસાર અનંતકાળ રઝળાવશે. આ દુનિયામાં તારૂં આવવું તે માત્ર એક મુસાફરી રૂપજ છે. તે મુસાફરી શરૂ કર્યા પેહેલાં અથવા ગર્ભાવાસના અસહ્ય દુઃખથી વિરક્ત થઈ બહાર આવ્યા પેહેલાં તો કોણ જાણે તારા મનમાં કેવાએ સંકલ્પ વિકલ્પ થયા કરતા હશે, તે વખતે તો આ મુસાફરીનો કોણ જાણે કેવોએ સારો ઉપયોગ કરવો ધાર્યો હશે, તેમાં શાં શાં સારાં કૃત્યો કરવાં ધાર્યાં હશે, અને કેવીએ યોજનાઓ ઘડી રાખી હશે. પણ અફસોસ? તે સઘળા સંકલ્પ વિકલ્પ અને તે સઘળી સારી યોજનાઓ આ લોકની દુનિયામાં પ્રવેશ કરતાં તરતજ પાણીના પ-

રપોટાની પેઠે નાશ પામે છે, અને ફરીને તે વિ-
ષેની જાણે કાંઈ કાળજીજ ન હોય એમ જણાય
છે. અરે એટલુંજ નહી પણ એવું દુઃખ ફરીને
આવશે એવું કાંઈ પણ ભાનજ રાખતો નથી.
અને આ દુનિયામાંતો જાણે પોતાને ચિરંકાળ વ-
સવું છે, કદી તે છોડી જવાનુંજ નથી એમ ધારી
અહીંઆં બંધાયેલા સ્નેહને અજ્ઞાન દશાયે કરીને તું
પોતાનોજ, આખર સુધી રહેવાનો માંની તેમાંજ લુ-
બ્ધ રહે છે; અત્રે રહેવાની સગવડને વાસ્તે તું એટ-
લી બધી ગડમથલ કરે છે કે જાણે આજ તારૂં ર-
હેઠાણ યાવત્ચંદ્રદિવાકરૌ હોયની? અને તેમાં સુખ-
ની પ્રાપ્તિને વાસ્તે તો તું જેટલું કરે છે, તેટલું ઓ-
છુજ છે. પણ સમજ કે એ બધામાં જેમ વધારે મ-
ગ્ન રહીશ તેમ તેમને ત્યજી જતાં તને વધારે કષ્ટ
થવાનું અને પરિણામે ભવરટણ કરવાનું તે તો જુ-
દુંજ; ટુંકામાં હે આત્મા તું આ સંસારીક માયીક
મામલાથી જેમ બને તેમ જલદી અને જેટલો બને
તેટલો વિરક્ત થવાને પ્રયત્ન કર અને જે મહાપુરૂષો
બની જીવો અગાઉ થઈ ગયા અને મુક્તિપદને પા-

મી હાલ અનંત શક્તિમાં અને અનંત સુખમાં મ-
હાલે છે, તેમનો દાખલો લે, તેમને પગલે પગલે ચાલ-
તાં તું ભુલો પડવાનો નથી, તને મુક્તિ બંદરના ર-
સ્તા ઉપર કાંઇ અડચણ નડવાની નથી, અને છે-
વટ મુક્તિ બંદર ઉપર જલદી પહોંચી તું પણ મૂળ
સ્વરૂપે અનંત સુખમાં મહાલીશ " વીગેરે.

તથાસ્તુ ! ! !

जीवनी उत्पति.

હે ! ચેતન ! તારૂં મૂળ સ્થાનક કયું ? તું કયાં-
થી આવ્યો ? કેવી હાલતમાં હતો ? તારે માથે
આ ફાની દુનિઆની મોહ જાળો કેવી અને કે-
ટલી તરેહની ગુંથાઈ ગઈ, અને હજુ પણ ગું-
થાયા કરે છે ? વળી તારા મૂળ સ્થાનકમાંથી કેવી
અકામ નિર્જરાથી ઉંચે ચઢતો ચઢતો દેવતાને
પણ દુર્લભ, એવો આ ઉત્તમ મનુષ્ય ભવ પા-
મ્યોછું ? એ સઘળાનો તું સારી પેઠે ઉંડો વિચા-

ર કરી તારૂં મૂળ સ્વરૂપ ઓળખવાને પ્રયત્ન કર. તેમ નહીં કરે તો વળી કોઈ નરસે ઉદય કરી પાછો નીચે ઉતરી જઇશ. તો તારી શી ગતિ થશે? જેમ કોઈ ભર્યા સમુદ્રમાં મનુષ્ય પ્રાણી ડુબતો હોય ને તેનામાં જ્યાં સુધી જીવ હોય ત્યાં સુધી ઉપર આવે અને નિચે જાય એવી રીતે બાથોડીઆં માર્યા કરે પણ જેને તરતાં આવડતું નથી તે બિચારો કેમ બચે ? તેવી રીતે હે ! ચેતન! તું ખચિત વિચાર કર કે આ અસાર સંસાર તે બીજુ કાંઈ નથી પણ એક દુઃખરૂપી દરિયો છે. તે હળાહળ વિષથી ભરેલો છે. તેમાંજતું ડુબતો બાથોડીઆં ભર્યા કરે છે. પણ કિનારો દેખવા પામતો નથી. કારણ કે તારી પાસે જ્યાંસુધી સમ્યક્ જ્ઞાનરૂપી તરવાનો ઈલમ આવ્યો નથી, અગર તે ઇલમ સંપાદન નહીં કરે ત્યાં સુધી તારે દુઃખરૂપી ભવ સમુદ્રમાં ડુબકીઓ માર્યાજ કરવાની છે તે સીવાય બીજો કાંઇ ઇલાજ નથી. આ ઉત્તમ મનુષ્ય પંચિંદ્રિપણું તું કેટલેકષ્ટે અને કેવી રીતે પામવાને શક્તિવાન થયો તે જરા

શાંતતાથી સાંભળી લેઈ તે ઉપર ઉંડો વિચાર કરઃ-

જીવનું મૂળ સ્થાનક સૂક્ષ્મ નિગોદમાં છે. ત્યાં તેને મહાદારૂણ દુઃખ ભોગવવું પડે છે જેની કલ્પનાજ માત્ર કરતાં કંપારો છુટે. તે નિગોદીઆ જીવને અસંખ્યાતા અને અનંતા પુદ્ગળ પરાવર્તન કરવાં પડે છે. અનંતાકાળ સુધી વળી ત્યાં તેને (જીવને) રાત્રદિવસ ફક્ત જન્મવું અને મરવું એજ ધંધો નિરંતર ચાલુ રહેલો છે; આવાં જન્મ મરણ તેને કેટલીવાર થતાં હશે? મનુષ્ય ભવમાં એકજવાર જન્મ મરણ થતાં જીવને કેટલું કષ્ટ સહન કરવું પડેછે તે સાંભળ! એક મનુષ્યના શરીરમાં કોઈ દેવ પ્રયોગથી એક કરોડ સોય ઉની કરી એકદમ ઘોચી હોય તેની જે વેદના થાય તેનાથી આઠગણી વેદના એકજ વખતના જન્મ અને મરણથી થાય છે. ત્યારે હવે વિચાર કે નિગોદીઆ જીવને જેને આખો દિવસ અને રાત્રી જન્મ મરણનો ધંધો છે તેને કેટલું કષ્ટ ખમવું પડતું હશે? સાતમી નર્કનું તેત્રીસ સાગરોપમનું આયુષ્યછે,તે તેત્રીસ સાગરોપમના સમય કરવા તેના જેટલા સમય થાય એટલી વખત તેત્રીસ સાગ-

રોપમને આયુષ્યે જીવ ઉપજે;તેમાં જેટલી વેદના થાય તેનાથી અનંતગણી વેદના નિગોદના જીવને થાયછે. (એ અધિકાર ત્રૈલોક્ય દિપિકાદીક ગ્રંથથી જાણવો) તે વેદના તો ખરેખર અવર્ણનીયજછે. તેનું વર્ણન કેવળ જ્ઞાનીઓ પણ કરી શકતા નથી કારણ કે તેમનું આયુષ્ય સંખ્યાતું છે, મોટા કવીશ્વરો પ્રયત્ન કરે તોપણ પૂર્ણ રીતે ફતેહ ન પામે. તેનો જેને અનુભવ થયો હોય તેનેજ ખબર પડે કે તે કેવું હશે? પણ હે! ચેતના તારી પણ એક વખત એ• વી સ્થિતિ હતી અને તારે પણ આ બધું ખમ- વુંજ પડયું છે. સાંભળ કે તે સ્થિતિમાં તારે ઘડી એ ઘડીએ કેટલાં જન્મ મરણ કરવાં પડયાં છે;—

એક નિરોગી યુવાન પુરૂષ કોમળ પોયણીના બત્રીસ પાનનો થોકડો મુકેલો હોય તેને એક ઝીણી સોયથી જોર કરી વીંધે તે એક વિંધી બીજે પાને આવે તેટલામાં શ્રીવીર ભગવાને શ્રી ગૌતમ સ્વામીને કહ્યું કે અસંખ્યાત સમય થઇ જાય, તે અસં- ખ્યાત સમયની એક આવળી થાય. તેવી (૨૫૬) બસેંને છપન આવળીનો એક ક્ષુલ્લક ભવ થાય, તે

નાનામાં નાનો કહેવાય, તેવો એક ક્ષુલ્લક ભવ નિગોદનો જીવ જીવે. હો ચેતન! સમજ કે નિગોદના જીવનું આયુષ્ય એટલું બધું અલ્પ છે.

(૪૪૪૬ા) ચાર હજાર ચારસેં સાડી છેતાળીસથી પણ વધારે આવળી થાય ત્યારે એક શ્વાસો શ્વાસ થાય તેવા એક શ્વાસો શ્વાસમાં નિગોદનો જીવ વધારેમાં વધારે (૧૭ાા) સાડાસત્તર ભવ કરે અને ઓછામાં ઓછા (૧૭) સત્તર ભવ કરે. કાચી અંતર મુહૂર્ત્ત એટલે બે ઘડીમાં જુવાન નિરોગી પુરૂષ (૩૭૭૩) ત્રણહજાર સાતસેંને તોતેર શ્વાસો શ્વાસ લે, તેવા અંતર મુહૂર્ત્ત એટલે બેઘડીમાં (૬૫૫૩૬) પાંસઠ હજાર પાંચસેંને ને છત્રીસ ભવ તે બિચારા નિગોદીઆને કરવા પડે. વળી એક દિવસમાં (૧૧૩૧૯૦) એક લાખ તેર હજાર એકસો નેવુ શ્વાસો શ્વાસ જુવાન પુરૂષથી થાય તે પ્રમાણે ગણતાં એક દિવસના (૧૯૬૬૦૮૦) ઓગણીસ લાખ, છાસઠ હજાર ને એંશી ભવ તે જીવના થયા. તે ગણતરી પ્રમાણે એક માસમાં (૩૩૯૫૭૦૦) તેત્રીસ લાખ, પંચાણું હજાર

ને સાતસેં શ્વાસો શ્વાસ થાય અને તે મુદતમાં નિગોદના જીવના ભવની ગણતરી (૫૮૯૮૨૪૦૦) પાંચ કરોડ નવ્યાસી લાખ બ્યાસી હજાર અને ચારસેં થાય. તેની એક વરસના ભવની ગણતરી કરતાં કાંઇ પારજ આવે નહીં. એટલે (૪૦૭૪૮૪૦૦) ચાર કરોડ સાત લાખ અડતાળીશ હજાર અને ચારસેંથી વધારે શ્વાસો શ્વાસ એક વરસમાં થાય, તે પ્રમાણે તે મુદતમાં તે બિચારા નિગોદીઆ જીવને (૭૦૭૭૮૮૮૦૦) સીતેર કરોડ, સીત્તોતેર લાખ, અઠ્યાસી હજાર અને આઠસેંવાર અવતરવું પડે. અરે! અવતારની સંખ્યા ખરેખર ત્રાસજનક, કંપારી છુટે એવી, અને કોઇ કઠોરમાં કઠોર અંતઃકરણને પણ પીંગળાવનારી છે. એવાંજ અસંખ્યાત કષ્ટો તેં સહ્યાં છે. અને હજુ પણ સમજતો નથી. અને મનમાં અરે લાવતો નથી તો ફરી એવાંજ અસહ્ય અને ત્રાસ જનક દુઃખ તારે માથે આવવાનાંજ. વળી હે ચેતન, આતો ફક્ત એકજ વરસની સંખ્યા આવી તેટલાથીજ કાંઈ તારો હિસાબ પતી ગયો નહીં. તું

સમજતો હોઈશ કે સઘળું એક વરસમાં સંપૂરણ થઈ ચૂકયું પણ તેમાં તારી ભૂલ છે. નિગોદમાં કેટલા વરસ રહેવું પડે છે તે સાંભળ અને સાંભળી તેનું કાંઈ સાર્થક કરઃ--

અતિ સુક્ષ્મ કાળને એક સમય કહે છે અને એવા અસંખ્યાતા સમયને એક આવળી કહે છે તે ગણુતીએ (૧૬૭૭૭૨૧૬) એક કરોડ સડસઠ લાખ સીત્તોતેર હજાર બસેં ને સોળ આવળીએ એક મુત્તા એટલે એક મુહૂર્ત્ત થાય અને તેવા ત્રીસ મુહૂર્ત્તે એક અહોરાત્રી દિવસ થાય એવા પંદર અહોરાત્રીએ એક પખવાડીયું થાય; એવા બે પખવાડાંએ એક માસ થાય એવા બાર માસે એક વરસ થાય છે; તે પ્રમાણે તેવા અસંખ્યાત વરસે એક પલ્યોપમ થાય છે, તેવા દસ કોડાકોડી પલ્યોપમે એક સાગરોપમ થાય; તેવા દસ કોડાકોડી સાગરોપમે એક ઉત્સર્પિણી થાય અને બીજા દસ કોડા કોડી સાગરોપમે એક અવસર્પિણી થાય એ બે મળી વીસ કોડા કોડી સાગરોપમે એક કાળચક્ર થાય એવાં અનંત કાળ

ચક્રે એક પુદ્‍ગળ પરાવર્તન થાય અને એવા એ-
વા અનંતા પુદ્‍ગળ પરાવર્તન નિગોદમાં થાય
તોપણ તે નિગોદીઆ જીવની મુક્તિ થવી તો
દૂરજ રહી પણ તે બિચારો વ્યવહાર રાશીમાં
પણ આવવા પામે નહીં. જો કોઈ મોટા પુણ્યો-
દયે આવા ત્રાસજનક જન્મ મરણના ફેરા કરી
મહા સંકટ ભોગવતાં કર્મ પાંચ કારણના મેળાપે
પાતળાં થયાં હોય તો અકામ નિર્જરાથી નીક-
ળવા પામે. તેમાં પણ વાંધો છે. જેટલા જીવ
મોક્ષ પામે તેટલા માત્ર નિગોદમાંથી નીકળવા
પામે. સિવાય વધારે નીકળે નહીં. હે! ચેતન!
આતો માત્ર નિગોદના કષ્ટની ગણત્રી જેવી તેવી
થઈ. આવા જુલમી ભયંકર દુઃખ તો તેં ઘણી
વખત વેઠયાં હશે. અને હજુ સુધી પણ શું થશે
તેનો સંશય ટાળનાર જ્ઞાની વિના બીજો કોઈ
નથી. પણ એટલું તો ખચીત ધારવું કે જ્યાં
સુધી તેં તારા શુદ્ધ દેવગુરૂ ધર્મની ઓળખાણ
કરી નથી ત્યાં સુધી આ દુઃખ રૂપી સંસાર રૂપ
અટવીમાં તારે ફેરાજ ખાવાનું છે. વધારામાં વ-

અતે પાછો નીચે ઉતરી જઈશ તો નિગોદમાં પાછા જવાનો પણ સંભવ છે. અત્યાર સુધી તો માત્ર નિગોદની કથા સાંભળી. હવે જો કદી અનંતા પુદ્‌ગલ પરાવર્તને અકામ નિર્જરાથી ભવસ્થિતિ પરીપક્વ થઈ હોય તો નિગોદમાંથી નીકળી વ્યવહાર રાશીમાં આવવાનો જોગ બને તો ત્યાં પણ તે હાલતમાં તે જીવને માથે કેવા સંકટ આવી પડે છે તે જરા વધારે લક્ષ દઈ શ્રવણ કરઃ—

૧. નિગોદમાંથી એવી રીતે અનંતા પુદ્‌ગળ પરવર્તન કરીને પૃથ્વી, વાયુ અગ્નિ, જળ વિગેરેમાં ઉત્પન્ન થયો; ત્યાં એકેક કાયમાં સાત લાખ યોનિમાં ભ્રમણ કરવું પડ્યું, તેમાં દરેક પ્રકારનું દુઃખ સહન કરીને અનંતકાળ ચક્રે ત્યાંથી નીકળ્યો.

૨. વળી હે! ચેતન! એ પ્રમાણે ત્યાંથી નીકળી અનંત કાયમાં પ્રગટ થયો. સુરણ, આદુ, લીલીવરીઆળી, થોક ઈત્યાદી જાણસો અનંતકાયની છે. તેમાં પણ ચૌદ લાખ યોનીમાં ભ્રમણ કર્યું; અને અનંતો કાળ ગાળ્યો. અને તે સ્થિતિમાં, હે! ચેતન! તું જે અનંત શક્તિવાળો, અને મૂળ

આત્મ સ્વરૂપ વિચારે તો ધારે તે કરી શકે તેવો તેજ પૈસાનો બશેર, ચાર શેર વેચાયો; અરે! વેચાયો એટલુંજ નહીં પણ ઉપર માગ્યો એ અપાયો, અરે! અરે? આ કેવું અતિ ચિત્ત ભેદક અને વૈરાગ્ય રસ ઉત્પન્ન કર્ત્તા છે. હે! ચેતન! આમાંથી કાંઈ સમજુતી લે અને તે સમજુતી નું સાર્થક કરી તેવાં દુઃખમાં ફરી આવી પડવું ન પડે એવો પ્રયાસ કર.

૩. હવે આ મુજબ ઉપરની હાલતમાં ઘણી તરેહનાં છેદન ભેદન સહી ત્યાંથી ભવ સ્થિતિ પરિપકવ થયે નીકળી પ્રત્યેકમાં આવ્યો. દશ લાખ યોનીમાં પરિ ભ્રમણ કરી અનેક પ્રકારનાં અગાધ દુઃખ સહી અસંખ્યાતા કાળ રહી તેમાંથી નીકળ્યો.

૪. પ્રત્યેકમાંથી નીકળી વળી બેરીંદ્રિમાં ઉત્પન્ન થયો. અળસીયાં, કરમીઆ, ગાડર, ગંડેરા, ચેળ, વાળા, જંતો, અથાણું, બોળો, વિગરે બેરીંદ્રિ જીવ છે તેમાં બે લાખ યોનીમાં પરિ ભ્રમણ કરતાં અસહ્ય દુઃખ સહી ત્યાંથી વળી ની-

કુળવાનો વખત કેટલેક કાળે આવ્યો.

૫. બેરીંદ્રિમાંથી છુટી વળી ત્રેરીંદ્રિમાં ઉત્પન્ન થયો. ઉધઈ, જુ, લીખ, માંકડ, કીડી, કાનખજુરા, વિગેરે ત્રેરીંદ્રિ જીવ છે તેમાં બે લાખ યોનીમાં પરિભ્રમણ કરતાં મહા અપરાધી ને હાથે અકાળ મૃત્યુ પામી અકામ નિર્જરાયે ત્યાંથી છુટવા વખત આવ્યો.

૬. ત્રેરીંદ્રિમાંથી નીકળી ચૌરીંદ્રિમાં ઉત્પન્ન થયો. ત્યાં પણ માખી, મચ્છર, ડાંસ, મસા, પતંગીઆ, કંસારી, કરોળીઆ, ઢીંકણ, વીંછી, ભમરા, ભમરીઓ, વિગેરે ચૌરીંદ્રિ જીવોમાં બે લાખ યોનીમાં ભ્રમણ કર્યું. મહા કષ્ટ કરી કેટલેક કાળે ત્યાંથી છુટવા વખત આવ્યો.

હે! ચેતન!! ઉપર પ્રમાણે બેરીંદ્રિ, ત્રેરીંદ્રિ, ચૌરીંદ્રિ એ ત્રણે મળી જે વીગલીંદ્રિ કહેવાય છે તેવી સ્થિતિમાં તું અંતર મુહૂર્ત એટલે જઘન્યથી કાચી બે ઘડીના આયુષ્યે સંખ્યાતા કાળ તેમાં રહ્યો. હવે ઉપરના અગાધ, અસહ્ય, અને અવર્ણનીય કષ્ટો જે તારે સહન કરવાં પડયાંછે તે યાદ

લાવતાં હજુ તને કાંઈ પણ શુદ્ધિ આવતી નથી? જેમ કોઈ ઘોડો વિગેરે જાનવર હઠીલું થયું હોય ને તેને હાંકવાને બે હદ માર પડયા છતાં તે હઠ કરી ઉભું રહે છે તેમ તું પણ આવા જુલમી અને દારૂણ દુઃખોથી કાંઈ પણ કંપારી ન લાવતાં,- તેનો ફરી સ્વાદ ચાખવો પડશે તો શી વલે થશે, તેનું ભાન ન રાખતાં, એમ ને એમ મદાંધ થઈ હઠીલાઈ કરી આડે રસ્તે દોરાય તો તને કેવો કહેવો?

હવે વીગલીંદ્રિ પણામાંથી મુક્ત થયા પછી ચૌદસ્થાન કીયા જીવની ઉત્પત્તિમાં તું આવ્યો. ચૌદસ્થાન કીયા જીવ કયા કયા છે તે જરા ધ્યાન રાખી શ્રવણ કર. (તે જીવ પંચેંદ્રિ સાત આઠ પ્રાણના છે. તે સ્થિતિમાં ઉત્પન્ન થયેલા જીવનેઅ- ડકવાથી તે જીવ બિચારો મહા ભય પામે છે. કે હાય! હાય!! મને કયાં મારવા લેઈ જાય છે. એવી રીતે તે અવસ્થામાં હર ઘડી ત્રાસ દાયક ગાળવી પડે છે. જેવી રીતે મનુષ્યની ટોળી મળીને બેઠી હોય તેમાં ઓચિંતો કોઈ મોટો બોરિંગ આવી પડે તો તે મંડળીને કેવો ત્રાસ થાય? અને કેવી

રીતે ધાસકો પડે છે? તેવીજ રીતે તે બીચારા ચોદસ્થાન કીઆ જીવને હર ઘડી કોઈ અડકે ત્યારે મહા ત્રાસ અને દુઃખ ખમવું પડે છે. હવે ચૌદ-સ્થાન કયા કયા છે તે સાંભળઃ—

૧ વડીનીત એટલે ઝાડો. ૨ લઘુનીત એટલે પેસાબ. ૩ ખેળ એટલે બળખો. ૪ નાકનો સાધારણ મેલ. ૫ વાત એટલે ઉલટી. ૬ પીત. ૭ શુકર એટલે વીર્ય. ૮ લોહી. ૯ ગતજીવ કલેવર એટલે મુડદુ. ૧૦ નગર ખાળા એટલે નગરની મોટી ખાળ. ૧૧ મદીરા એટલે દારૂ. ૧૨ માંસ. ૧૩ સ્ત્રીનો સંગ કરવો. ૧૪ સર્વ જાતનાં અસુચી સ્થાનક. (એમ ચાદ સ્થાનક પન્નવણાજી સૂત્રથી જાણવા.)

ચૌદ સ્થાનકીઆની સ્થિતિમાંથી નીકળી હે! ચેતન!! ત્રીજંચ પંચિંદ્રી દશ પ્રાણનો જીવ થવા વારો આવ્યો. હે ભાઈ! હે બંધવ, તને કેટલી વાર શિખામણ આપી સુચના આપું કે તારો તો કાંઇજ વાતે આ દારૂણ વિષ હળાહળથી ભરેલા સમુદ્રરૂપી સંસારમાંથી નીકળવાનો કાંડો આવ-

શોજ નહીં. અરે! આવા જુલમી દુઃખમય, ભવ રટણના ફેરા મારવાનું રહે તો પછી જો રાત્રી દિવસ લોહીથી મોં ખરડાયેલાંજ રહે ત્યાં એ દુઃખરૂપ દરિયાનો કિનારો આવશે એવી આશા રાખવી તે દોહલીજ છે. વળી આવો અતિ કઠિણ ભવ કરવાથી તું કેવી ગતી સંપાદન કરવા સમર્થ થઇશ તે એક ચિત્તે શ્રવણ કરી તારૂં પોતાનું સાર્થક થાય તેમ કર. હવે ત્રીજંચ પંચિંદ્રિની સ્થિતિમાં તારે કયો કયો દેહ ધારણ કરવાથી પાપરૂપ સંચય એકત્ર કરવાનું થશે તે જોઃ-

જળચર.

જળમાં ઉત્પન્ન થનાર મગરમચ્છ વિગરે.

ખેચર.

આકાશમાં ઉડનાર પાંખોવાળા પંખીઓ, સીંચાણા વીગરે.

ભૂચર.

પૃથ્વી ઉપર વસનાર વાઘ, સિંહ, દિપડો, બિલાડી, સર્પ, વીગરે.

હે! ચેતન!! ઉપર કહેલા ભવોમાં ચાર લાખ

યોનીમાં પરિભ્રમણ કરીને મહા હત્યા કરીને ઘણા પ્રાણીને ભય ઉત્પન્ન કર્યો અને ઘણાનો સંહાર પણ કર્યો. વળી તે ત્રણ વર્ગના પ્રાણીમાંના પેહેલા વર્ગના જળચર પ્રાણી છે. તેમના આહારનો આધાર માત્ર જળમાં ઉત્પન્ન થયેલા નાના પ્રાણીઓ ઉપર રહે છે. કાંઠે આવે ને વખતે કોઈ મનુષ્ય અગર જનાવર વિગેરે હાથ લાગ્યું તો તેને પણ ઘસડી લઈ જઈ તેનો ભક્ષ કરે છે. બીજા વર્ગના ખેચર એટલે આકાશ ગમન કરનારા પણ દિવસે તથા રાત્રિએ આહાર શોધેછે. વાઘ, સિંહ, દિપડા વિગેરે ત્રીજા વર્ગની સ્થિતિના પ્રાણીઓ હરનીશ લોહીથી ખરડાએલાંજ રહે છે. તેમને તો પ્રાણીઓની હત્યા કરવા સિવાય બીજો કોઈ વિચાર હોતોજ નથી. સૂતાં, બેસતાં, ઉઠતાં, ચાલતાં પણ કોઈ શિકાર હાથ લાગવાનો સંકલ્પ થયાજ કરે; અને હાથ લાગે તો તેને પોતે ધરાયેલા હોય તોપણ પૂરો કર્યા વિના રહેજ નહીં. જે જીવ કોઈ અગાધ પાપના ઉદયથી તેમની ગતીમાં ગયો તો પછી નર્ક સિવાય બીજો

રસ્તો તેને ઉઘાડો ભાગ્યેજ રહે. ત્યાંતો સાતે નર્કોમાં જવાની સામગ્રી એકત્ર થાય છે, અને પરિણામે આયુષ્ય પૂરૂ કરી નર્કમાં ઉત્પન્ન થવાનું થાય છે. આ નર્કોમાં પરમાધામી તરફથી જે અસહ્ય દુ:ખ પડે તેતો જુદાં પણ તે સિવાય મહા મહા દારૂણ દુ:ખ જે હમેશાં સાથેજ રહે છે, ઘડીભર પણ અળગાં થતાં નથી તે દશ પ્રકારનાં છે. તે સર્વ નર્કોમાં સામાન્ય હોય છે:—

૧ અશુભ બંધન.

૨ અશુભ ગતિ

૩ અશુભ સ્થાન.

૪ અશુભ વેદની.

૫ અશુભ ગંધ.

૬ અશુભ રસ.

૭ અશુભ ફરસ.

૮ અશુભ અગુરૂ.

૯ લઘુ અશુભ શબ્દ.

૧૦ અશુભ વર્ણ.

(ઉપરની વેદના દશ પ્રકારની લોકપ્રકાશથી

તથા ભગવતી સૂત્રથી જાણવી.)

હે! ચેતન !! ઉપર કહ્યા પ્રમાણે નર્કમાં અનેક પ્રકારનાં અગાધ કષ્ટ સહીને અકામ નિર્જરાથી ત્યાંથી નીકળી મનુષ્ય ભવના ફેરામાં રટણ કરવાનું થયુ ત્યાં ઊંધે મસ્તકે લટકી મહા દુઃખ ભોગવી કોઈ પાપોદયથી નીચ ગોત્રમાં જન્મવાનું થયું. સદ્ગુરૂની સેવા પણ કરી નહીં, અનાર્ય દેશમાં વસ્યો ત્યાં પાપ પૂંજ એકત્ર કરી વળી ત્યાંથી પાછા વળીને ચોવીસ દંડકમાં રઝળવાનું થયું એ ચોવીસ દંડક કયા છે તે સાંભળ.

સાત નારકીનો એક દંડક.	૧
૧૦ ભુવનપતીના. ૧૦ દંડક.	૧૦
સ્થાવર એટલે પૃથ્વી, અપ, તેઉ, વાયુ અને વનસ્પતિ એ પાંચેના પાંચ દંડક.	૫
વીગલીંદ્રિના ૩ દંડક.	૩
તિર્યંચ. ૧	૧
મનુષ્યનો ૧	૧

દેવતા, વ્યંતર, જ્યોતીક, વૈમાનીક } ૩
એ ત્રણેના. ૩

———
૨૪

ઉપર લખ્યા મુજબ ચોવીસે દંડકમાં પરિભ્રમણ કરતાં તારે અનંતા કાળ રઝળવું પડ્યું પણ પાર આવ્યો નહીં. ત્યાં રઝળતાં કોઈ કાળે આર્ય દેશ પામ્યો, ઉંચ ગોત્ર પામ્યો, પણ સારી સેવા રહી નહીં તેથી ધર્મ સાધન કરવાની સામગ્રી મળી નહીં, તેમ છતાં સામગ્રી મળી તો ધર્મ દૃઢતા, આકીન રહ્યું નહીં; વળી બુદ્ધિ જે સમુદ્ર તુલ્ય છે તેનો પણ આદર કર્યો નહીં, ને ત્રીકરણ જોગની એટલે મન, વચન, કાયાની શુદ્ધિ કરી નહીં, બુદ્ધિ પ્રમાદમાં પ્રવર્તાવી, તેથી કાંઈ સિદ્ધિ લીધી નહીં, અને પરિણામે ભવ હાર્યો; વળી શાસ્ત્ર ભણી પ્રમાદનો સંગ કરી વૃત ભંગ કર્યાં તેથી પાછા નર્ક, નિગોદના ખાડામાં ડુબ્યો. વળી સમકીત રૂપી રત્ન ઘણીવાર પામ્યો પણ તેમાંથી કાંઈ સુકૃત ન લેતાં પાંચ પ્રમાદને વશ થઈ તે અમુલ્ય રત્નને ખોઈ બેઠો. કુ.દેવ,કુ

ગુરૂ, કુ ધર્મ વડે કર્મ વશ થયો, અને તેની સાથે મળવાથી દોષ રહીત ભગવંત ધાર્યા નહીં; પંચાચારના પાળનાર અને સુત્રમાં લખેલા ગુરૂ ઓળખ્યા નહીં; દયા રૂપ જૈન ધર્મના મૂળનો મર્મ જાણ્યો નહીં; ગાડરીઆ પ્રવાહની માફક ધર્મ કર્યો પણ ખરા અંતઃકરણથી કર્યો નહીં; તેથી પરિણામે પરમાધામીની ગતીમાં આવવું પડયું; ત્યાં નારકીના જીવને મહા અગાધ સંકટ આપી પાપપુંજની બંધાય તેટલી મોટામાં મોટી ઉપડી શકે નહીં તેવી ગાંસડી બાંધી લીધી ત્યાંથી આયુષ પુરૂ કરી જળમાણુસ (જળમાં માણુસના આકારનો મચ્છ) થયો. તે ભવમાં પાછલા ભવના બાંધેલા પાપની ગાંસડીનો કેવી રીતે સંપૂર્ણ રીતે સ્વાદ ચાખવાનો વખત આવ્યો તે જોઃ—

જળમાણુસના કપાળમાં એક જાતની ગોળી હોય છે તેનો પ્રભાવ એવો છે કે તે મોમાં રાખી દરીઆમાં પડે તો સઘળું અજવાળું દેખાય તે ગોળીની લાલચે પારધીએ જાળમાં પકડયો અને એક વરસ સુધી લોખંડની ઘંટીમાં નાંખી જેમ અનાજ

વીગેરે હણે છે તેમ તેને હાથે હણાયો; કોઈ વખ-તે વૈમાનિક દેવતાના ભવમાં પણ ઉત્પન્ન થયેલો ત્યાં વિષયમાં લબ્ધ રહી, બીજુ કાંઈ ન કરતાં તેજ તૃષ્ણા પુરી પાડવાને મથન કરતાં, પરસ્ત્રી-ઓનું સેવન કર્યું. વિષય સુખ તે ખરેખરૂં વિષ હળાહળજ છે. તેનાથી કોઈ અસંખ્યાત જીવોની હાની થઈ છે અને અસંખ્યાત જીવોને ભવરટણ ના ફેરામાં ભમવું પડ્યું છે. એવી રીતે તે ભ-વમાં પણ કાંઈ સાર્થક ન કરતાં તેને એળે ગાળ્યો, અને અશુભના ઉદયે કરીને એક ઈંદ્રીમાં પાછો ફર્યો. અરેરે ! આ કેવું ત્રાસજનક ? કેવું કંપારી છુ ટાડનાર? અને કેવું શોકજનક કહેવાય ? મહા પ્રયાણે એક ઈંદ્રીમાંથી છુટતાં છુટતાં આટલે સુધી ચઢી શુભના બાંધવાને બદલે અશુભના બાંધ્યા તો પાછા નવાણુંના ફેરામાં પડવાનું થયું. પાછું એટ લુંજ દુઃખ, એટલોજ ત્રાસ અને એટલોજ વિલા પ તારે શીર રહ્યો. હે ચેતન !! આતે શું કહેવા-ય ? તારે માંથે આ કેટલું બધું કહેવાય ? હજુ પણ સાર્થક નહીં કરે તો પાછું એનું એજ છે.

.રો આરો ક્યારે આવવાનો અને મૂળ સ્વરૂપ
ારે પિછાનવાનો ? ભાઈ, હવે તો બહુ થયું;
દથી જ્યાદે થયું ? હવે તો કાંઈ સાર્થક કરી લે અને
ાંઇક પણ અવતાર સફળ કર. આ ઉત્તમ મનુ-
ષભવ, આર્ય દેશ, સુગુરૂની જોગવાઈ, શ્રી
ગચિંતામણી જૈનધર્મ, અને આત્મ સ્વરૂપ ઓ-
ાખવાનો આ ખરેખરો પ્રસંગ ક્યારે મળવાનો?
ાનુષ્યભવ મેળવવાને દેવતાઓ પણ આકાંક્ષા
ાખે છે; અને તે દશ દષ્ટાંતે મળવો દોહલો કહ્યો
છે તે દશે દષ્ટાંત ક્યાં ક્યાં છે તે જો:—

૧ ચુલાનું દષ્ટાંત.
૨ પાસાનું દષ્ટાંત.
૩ ચોવીસ જાતના ધાનનું દષ્ટાંત.
૪ જુગટાનું દષ્ટાંત
૫ રત્નનું દષ્ટાંત.
૬ સ્વપ્નનું દષ્ટાંત.
૭ ચક્રનું દષ્ટાંત.
૮ કાચબાનું દષ્ટાંત.
૯ ધુસર તથા ખીલીનું દષ્ટાંત.

૧૦ પરમાણું છેદનું દૃષ્ટાંત.

ઉપરનાં દૃષ્ટાંતો નય ઉપનય વિસ્તાર સહીત "આવશ્યક સૂત્રની ૨૨ હજારી ટીકામાં કહ્યાં છે તથા" ઉત્તરા ધ્યયનજી પ્રમુખમાં કહ્યાં છે; આમાંના દરેક દૃષ્ટાંત યથાસ્થિત સમજવાને દરેક ઉપર કથાઓ આપી પૂર્ણરીતે સમજાવેલાં છે, પણ તે સઘળી કથાઓ અત્રે ટાંકવાથી ઘણું લંબાણ થઈ જાય તેથી આ ઠેકાણે એ મોકુફ રાખી. હે ચેતન ! તને ફરીને અને છેલ્લી વારની શીખામણ આપું છું કે નીચે લખેલો પશ્ચાતાપ તથા પ્રાર્થના તારે દરરોજ પ્રાતઃકાળમાં ઉઠતાં તરતજ કરવી કે જેથી તારા ઉપર કાંઈ પણ અસર થાય અને તેથી તું આ ઉત્તમ ભવ એળે ન ગાળતાં તેનું કાંઈ સાર્થક કરે;—

અરે ! હવે, મારી શી ગતિ થશે, મેં હરેક પ્રકારનાં કેટલી તરેહનાં દુઃખ, સંકટ સહ્યાં છે, કેટલા ફેરા ભવરટણના કર્યા હશે અને કેટલા શુભના ઉદયથી આ ઉત્તમ દશ દૃષ્ટાંતે દોહલો મનુષ્ય ભવ પામ્યો છું તે. પામીને પણ શું? જો ફ-

દી કોઇ અનાર્ય દેશમાં જન્મ લીધો હોત તો શી વલે થાત? આર્યદેશમાં, ભરતક્ષેત્રમાં જન્મીને પણ શું? ભરતક્ષેત્રમાં બત્રીસ હજાર દેશ છે તેમાં જે ઠેકાણે સુદેવ, સુગુરૂ. તથા શ્રીવિતરાગનો ભાખેલો ધર્મ તથા શ્રાવક, શ્રાવિકા, વિગેરે તમામ જૈનમાર્ગની સામગ્રી હોય તે આર્ય દેશો કહેવાય અને તેવા આર્યદેશ સાડી પચીસજ છે જ્યાં ઉપર લખેલી સામગ્રી ન હોય તે અનાર્ય દેશ કહેવાય. તેવા અનાર્ય દેશ એકત્રીસ હજાર નવસેંને સાડી ચૌંઓતેર છે. એવા સર્વ મળીને બત્રીસહજાર દેશ ભરતક્ષેત્રને વીષે છે. હવે બધા દેશોમાંથી પૂર્વે કરેલા પુણ્યના ઉદયથી આ આર્ય દેશ પામ્યો તેમાં પણ જો કોઈ નીચ કુળમાં જેવા કે મચ્છી, કસાઈ, પારધી, વિગરે એવા નિર્દય મનના કઠોર અંતઃકરણના મનુષ્યોમાં જન્મ થયો હોત તો શું કરી શકત? આ ભવ એળે ગાળવાનીજ સઘળી સામગ્રી મળત. સિવાય અન્ય કાંઈ મળત નહિ. તે બધી અડચણો ટાળી મેં આર્યદેશમાં ઉત્તમ શ્રાવક કુળમાં, શ્રી જગચિંતા-

ગણી જૈન ધર્મને આશ્રયે જન્મ લીધો. તોપણ હજુ જો મને કોઈ તરેહની અંગ ખોડ હોત તો મારૂં શું વળતા શરીરે બરાબર નિરોગીપણું રહે, તે તો ખરેખરી રીતે પરભવ જીવ દયા પાળી હોય ત્યારેજ નહીંતો નિરોગી રહેવું ચાલતા જમાના પ્રમાણે દુર્લભ છે. કદી કાને બેહેરો હોતતો શ્રીજીનરાજનાં. અમૃત તુલ્ય વચનોનું પાન ગુરૂજીની મારફતે શી રીતે કરી શકત? જો આંખે આંધળો હોત તો તરણ તારણ ઝાઝ સમાન, ત્રણ જગતના આધાર ચિંતામણી રત્ન તુલ્ય એવા જે જીનરાજ તેમના દર્શનનો લાભ શી રીતે લેઈ શકત? વળી જો પગે કાંઇ ખોડ હોત તો ચાલીને જીનરાજના દર્શન કરવા; અગર ગુરૂજીની સુધા તુલ્ય વાણી શ્રવણ કરવાનો લાભ કયાંથી મળી શકત? જો કદી પૂર્વે બાંધેલા કોઈ કર્મને લીધે મને જીભની ખોડ હોત તો હું શ્રી જીનરાજ મહારાજની સ્તુતી કરવાને શી રીતે શક્તીવાન થાત? જો કદી કોઈ જાતના રાજરોગ જેવા કે ભગંદર, રક્તપીત કોડ વીગેરે એવા ધ-

ણી જાતના અસુચી ભરેલા છે તેમાંનો કોઇ વ-
ળગ્યો હોત તો અશુચીને લીધે ધર્મ કાર્યને વિષે
ઘણોજ અંતરાય પડત. હવે આ ઉપરની સઘ-
ળી અડચણો દુર કરી મનુષ્ય ભવમાં ઉત્તમ શ્રા-
વક કુળમાં નિરોગીપણે, પુરૂષ તરીકે અવતાર
લીધો તે મહા પુણ્યોદયથીજ. હવે ફરી એવું સુ-
ખ મળશે કે પાછા દુઃખરૂપી સંસાર અટવીગાં
ફેરા ખાવાનું અને કઇ ખમવાનું રહેશે તે હવે
જે કાંઈ સુકૃત અત્યારે હું કરીશ તેના ઉપરજ
આધાર રહેવાનો; વાસ્તે હવે કમ્મર બાંધી પાપ-
રૂપી બંધાયેલા બંધનમાંથી જેમ બને તેમ મુ-
ક્ત થવું અને ફરીને નવાં કર્મ બને ત્યાં સુધી
ન બંધાય એવી રીતે મારે પ્રવર્તવું જોઈએ તે-
માંજ મારૂં સાર્થક થવાનું તે વિના બીજુ કાંઈ
નથી. શ્રી વીતરાગનાં દર્શન દરરોજ કરવામાં જે
પ્રમાદ થાય તે હવે મારે હાંકી કાઢવી જોઈએ;
શ્રી ગુરૂજીની સુધાસમ વાણી સાંભળવાને હમેશ
હવે મારે તત્પર રહેવું જોઈએ અને જ્યાં આડ
કથા અથવા નિરર્થક આડા અવળા તડાકામાં વ-

ખત ગળાતો હોય ત્યાં મારે થોભવું ન જોઈએ. કારણ કે આ જીંદગી અલ્પ છે અને તેનો ભરોસો નથી. એવી રસ કથાઓમાં અને નિંદકવાતો કરવામાં મારો કાંઈ દહાડો વળવાનો નથી. તેમાં મારે બિલકુલ ચિત્ત લગાડવુંજ ન જોઈએ. સર્વે સાથે સમભાવે વર્તવું જોઇએ અને હમેશાં નિચે લખેલા શ્રી જીનરાજના નામની સ્તુતિ કરવી જોઈએ. તેમાંજ મારૂં કલ્યાણ છે.

આબુ અષ્ટાપદ, ગિરનાર, સમતશિખર, શત્રુંજય ગિરિસાર; પંચે તીરથ ઉત્તમ ઠામ; સિદ્ધિ ગયા તેને કરૂં પ્રણામ. પ્રભુ નામ મંત્ર રૂપ છે; જેમ મંત્રથી રોગ મટી જાય, ઝેર ઉતરી જાય, તેમ પ્રભુ નામથી મિથ્યાત, અવરત, જોગ, કષાય, કર્મ વિગરે રોગ સર્વ મટી જાય, પ્રભુનામ:—

કેવળજ્ઞાની, નિર્વાણી, સાગર, મહાજસ, વિમલ, સર્વાનુભુતી, શ્રીધર, શ્રીદત્ત, દામોદર, સુતેજ, શ્રીસ્વામી, મુનીસુવ્રત, શુભગતિ, શિવગતિ, અસત્તાગતિ, નમિસર, અનિલ, જસોધર, કૃતાર્થ, જી-

નેશ્વર, શુદ્ધમતિ, શીવંકર. શુભદિન, સંપ્રતી, અતિત કાલે થઈ ગયા તે સરવેને મ્હારી અનંતિ કોડાકોડ વાર ત્રિકાલ વંદના હોજો.

ઋષભ, અજીત, સંભવ, અભિનંદન, સુમતી, પદમપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભુ, સુવિધિ, શીતળ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમળ, અનંત, ધર્મ, શાંતી, કુંથુ, અર, મલ્લી, મુનિસુવ્રત, નમી, નેમીનાથ, પાર્શ્વનાથ, અને શ્રીવર્ધમાન સ્વામી, જે રીતે તમે શાંતી પામ્યા તે રીતે સરવે જીવને શાંતિ કરો એજ મારી પ્રાર્થના છે.

પદ્મનાભ, સુરદેવ, સુપાર્શ્વ, સ્વયંપ્રભુ, સર્વાનુભુતિ, દેવસુત, ઉદયનાથ, વેડાલ, પોટીલ, સતકીર્ત્તિ, સુવ્રત, અમમ, નીકેસાય, તીપુલાક, નિર્મમ, ચિત્રગુપ્ત, સમાધી, સંવર, જસોધર, વિજયદેવ, મલ્લજીન, દેવજીન, અનંતજીન, ભદ્રંકૃત, એ ચોવિશે પ્રભુ થશે તેમને મારી અનંતી કોડાકોડ વાર ત્રિકાળ વંદના હોજો.

શ્રીમંધર, જુગમંધર, બાહુ, સુબાહુ, સુજાત, સ્વયંપ્રભુ, વૃખભાનન, અનંતવીર્જ, સુરપ્રભુ, વિ-

સાલનાથ, વ્રજધર. ચંદ્રાનન, ચંદ્રબાહુ, ભુજંગ-નાથ, નમિસર. ઇશ્વિર, વિરસેન, દેવજસા, મહા-ભદ્ર. અજીતવીર્જ, એ વિશે વિહરમાનને અનંતિ વાર ત્રિકાળ વંદના હોજો. અતિત અનાગત અ-ને વર્તમાનના બોતેર તિર્થંકર, વિશ વિહેરમાન, રિખભાનન, ચંદ્રાનન, વારિખેણુને વર્ધમાન એ છ-ન્નુ જીનને મારી ત્રિકાળ વંદના હોજો.

છેવટે દરેક સ્થળે જ્યાં જયાંપાંનામાં,પુસ્તકમાં રત્નમાં, જમીનમાં, શાશ્વતા અને અશાશ્વતા જીન બિંબ હોય ત્યાં તેમને માહારી અનંતી કોડા કોડ વાર ત્રીકાલવંદના હોજો.

ગરબી. ૧

સિંધુરા બરવો—ગરબી. ૧

(સારૂં સારૂ રે સુરત શહેર૦—એ રાહ).

કે' કે'ને જગમાં કોણ? ચેતના તારૂં રે
મુરખ! માનીને મુક મારૂં તારૂં રે—એ ટેક.
સ્વારથ સારૂ સો તુજ સંગે,

રંગે આવી રમતાંરે,
સર્યે અરથ પર કે પોતાનાં,
વેગે વેગે વળતાં—

ચેતના તારૂંરે૦—૧

નિજ અરથે [1]જંપે [2]જનનીજી,
'બેટા! આવો બેસોરે',
'જી! જી!' કહીને કું'શે જુવતી,
'સ્વામિ! બીડલું લેશો'—

ચેતન! તારૂંરે૦—૨

'બેટા!' કહી બોલાવે બાપા,
'ભાઈ!' ભાખે [1]ભગનીરે,
સ્વારથ સરતાં અળગાં સૌ જન,
જોજો માયા જગની—

ચેતન! તારૂંરે૦—૩

હાથી [2]હય કે [3]હેમ હવેલી,
વનિતા વિષની વેલીરે,
સાથી થાવા ધનને સારૂ,

---

૧ બોલે—કહે. ૨ માતાજી. ૧ બેન. ૨ ઘોડા.
૩ સોનું.

ધાતી આવે વે'લી—

ચેતન ! તારૂં રે૦—૪

તર જો હોશે [૪]જરથી ઘર તો,
વળગ્યાં રે'શે વા'લાંરે,
ચોગાસે નદીઓની પાસે,
આશે વળતાં નાળાં—

ચેતન ! તારૂં રે૦—૫

નહિ કંઈ સાથે આવે [૧]દમડા,
જમડા જ્યારે ઝાલેરે,
કરવું ધારે કરજે હમણાં,
[૨]સમણાં આખર સાલે—

ચેતન ! તારૂં રે૦—૬

રડા રોળ ઘર એક કરાવે,
એક ઘર મંગળ માળરે.
હા ! હા ! કપટી કામણગારો,
કેડે લાગ્યો કાળ—

ચેતન ! તારૂં રે૦—૭

ઈન્દ્રજાળ સમ જગને જાણી,

---

૪ પૈસે ટકે. ૧ પૈસા—ધન. ૨ સ્વપ્નાં.

સંત ચરણ જન! સેવોરે,
જૈન પ્રવર્તક શેવક જન સૌ,
માગે મુગતિ મેવો—
ચેતન ! તારૂંરે૦—૮

પદ ૨.

રાગ પીલુ.

(કરૂણા નજરથી પ્રભુજી કૃપાળુ૦—એ રાહ.)

સાંભળ શાણા ! સ્નેહ ધરીને
જોને જીણંદને હર્ષ ભરીને. સાં૦—એ ટેક.
માન ક્રોધને મત્સર [1]માયા
તે સહુને વળી દૂર કરીને. સાં૦ ૧
પરનિંદાને મુકી દૂરે,
પૂરે મને ભજ ભાવ ધરીને. સાં૦ ૨
[1]ત્રિકરણ શુદ્ધે પૂજી પ્રભુને,
લ્યો સુખ અચળ શીવનારી. વરીને. સાં૦ ૩
પૂજ્યા થકી ભવસાયર[2] તરશ્યો,

---

૧. કપટ. ૧. મન, વચન અને કાયા. ૨.ભવ-રૂપી સાગર.

વર્તશો જો ભવ ભયથી ડરીને. સાં૦ ૪

પદ ૩.

(કંગનવા મોરા કરસે–એ રાહ.)

પ્રભુજી ! હું તો પૂજું તમને પ્રેમ ધરીરે,
પુંજું ધરીને પ્રેમ તારો રાખીને રહેમ.—
પ્રભુ૦—એ ટેક.

મોહન ૩મૂરત તારીરે, લાગે મને પ્યારી રે.
પ્રભુજી મારા વા'લા, કરૂં છું કાલાવાલા,
દર્શન આપીને ૧પરસન કરો દુઃખ હરીરે,
પ્રભુ૦ ૧

મનુષ્ય જન્મ પામીરે, જોગવાઇ નવ જામીરે,
તિર્યંચે હું રડવડીઓ, જોતાં તું નવી જડીઓ.
ભવસાગરમાં પડીઓ, હડીઓ હા ! હા ! કરીરે.
પ્રભુ૦ ૨

કુકર્મો કાંઈક કીધાંરે, દાન નવ દીધાંરે,
લીધાં ધન કંઇક તણાં. રાખી નહિ કાંઇમણા,

---

૩ મૂર્ત્તિ. ૧ પ્રસન્ન.

રોવાડયાં જણાં ઘણાં, ધન હરી હરીરે.—
પ્રભુ૦ ૩

જાણ્યું નહિ કાંઇરે, સંસાર સાગર માંહી રે,
ગનમાં મુઝાઉં ઘણો, આરો નહિ પાપ તણો.
શરણે હું નાથ હાથ ઝાલો, મોદ ધરીને—
પ્રભુ૦ ૪

તારક પદ તારૂં રે, મનમાં હું તે ધારૂં રે,
સિદ્ધારથ તુજ તાત, નંદીખેણજી ભ્રાત,
ત્રીસલાના જાયા, પાયા સુખ શીવ કરીરે.
પ્રભુ૦ ૫

પદ ૪.

ગજલ–ભેરવી.

(દયાળુ દેવા કૃપાળુ તું—એ રાહ.)

આહા ! હા ! શી દીસે [1]સુરતી,
પુજકના પાપ [2]પ્રલે કરતી–અહા ! હા! ૧
તું [3]વીણ મનડું ન મુજ રાચે[4]

---

૧ સુરતી—ચેહેરો. આકૃતિ ૨ પ્રલે–બાળતી. ૩ વિણ–વીના. ૪ રાચે–ખુશી થાય.

કહું છું જીનજી [૫]સાચે-અહા ! હા ! ૨
ગંગા જળમાં જે નર નહાવે.
ખાબોચીએ શું ખુશી થાવે!-અહા! હા! ૩
સતી શું સ્વામીને છોડી,
રમે પ્રીત યાર શું જોડી ?-અહા! હા! ૪
મારૂં મન [૧]લીન તુજ માંહિ,
મગન જ્યમ [૨]મીન જળમાંહિ.અહા! હા! ૫
રણે [૩]રાતા તે વીર કહાવે
માહાવીર તુજ નામ જગગાવે-અહા! હા! ૬
જીત્યો તેં કામને સ્વામી,
નમું છું નાથ શિર નામી.-અહા! હા! ૭
મુરત તારી મોહન શોભે,
જોઈ કામદેવ પણ થોભે--અહા! હા! ૮
પ્રવર્તક પ્રેમથી પ્રણમે,
તારોને નાથજી અમને.-અહા! હા! ૯

---

૫ સાચે--ખરેખર. ૧ લીન--ગુંથાયેલું.
૨ મીન-માંછલું. ૩ રાતા-બહાદુર.

પદ ૫.

(લેશી લેશી પુકારૂં મે બનમે.—એ રાહ)

જોયા જેવી જીવ તમારી,
ગતિ અંતે નિશ્ચે થનારી—એ ટેક.
ચતુરાઇ ચુલામાં પડી,
પ્રભુને સમર્યા નહિ ઘડી.—
જનમી લાભ તમે શો લીધો,
ધંધો ખોટ તણો ભાઇ કીધો.—૧
વિષયે ઘણો ઘણો તું મહાલ્યો.
આપે અવળો મારગ ચાલ્યો;
પરનારી પેખીને મોહ્યો,
ભેદ કદીએ તપાસી ન જોયો.—૨
ઊંચાં ઉંચા મંદિરને મેઢી,
ચાલે નાગ તારાની પેઢી;
લાખે લેખાવળી તું કરતો,
જીન નામ તે મનમાં ન ધરતો.— ૩
દેવગુરૂની ભકતી ન કીધી,
દાન દીનને પાઈ ન દીધી;
આવ્યો એવો તું છું રે જવાનો,

ખરેખાત નથી તું રહેવાનો.— ૪
જોને ગયા લખેશરી લાખો,
હોય પત્તો તો કોઈનો ભાખો;
મેઠી માળને મોટા ઝરૂખા,
મુકી ચાલ્યા માનના ભુખ્યા. ૫
સાથે ગયું ન કોઈથી જવાનું.
એનો થાય છે તેજ થવાનું;
ચેતી લેજે ચેતન મારા પ્યારા,
હાલ નહિતો બુરા છે થનારા. ૬
જગદીશને ચરણે નમજે,
રૂડી રીતે ઈંદ્રિઓને દમજે;
ડાહ્યો થઈને ભજ પરમેશ,
થાસે અંતે પછી ખાસૂં બેસ. ૭

પદ ૬.

(કહાં પાવું, કહાં પાતું યાર—એ રાહ)

ક્યાં ભમો ક્યાં ભમો યાર—ભલાજી તમે૦ એ ટેક.

દેહ દોહલી મેળાવી આપે,

ખાલી વીંઢાળો ભાર. ભલાજી ૧
જુઠી જગતની માયા જાણો,
ઓળખો સાર અસાર. ભલાજી ૨
માત પિતા બંધવને ભગિની,
નહિ કોઈ સાથી થનાર. ભલાજી ૩
ધુતી ધુતી ધન ભેળું કીધું,
માટી સાથે મળનાર. ભલાજી ૪
શેઠ કેહેવાયો કરી ધન ભેળું,
કર્યો ઘણા સાથે ખાર. ભલાજી ૫
દેવ દ્રવ્યને ઓળવી આપે,
ખાસો રહ્યો ખબરદાર. ભલાજી ૬
માતા માવડીની માનતા રાખી,
હોમ કીધા બે ચાર. ભલાજી ૭
ધર્મીનું નામ ધરાવ્યું પોતે.
હતો કર્મીનો સરદાર. ભલાજી ૮
જીનજી જાપ જપ્યો નહિ એક દીન,
ઢોંગે રીઝાવી પરનાર. ભલાજી ૯
આવ્યા તેવા જવાના આપે,
માટે રહો ખબરદાર. ભલાજી ૧૦

સેવા શ્રી જીનરાજની કરીને,
પામો આ ભવનો પાર. ભલાજી ૧૧

પદ ૭.

(છોડી બાગનકી, છોડી બાગનકી—એ રાગ)

જીવ જંગળી, જીવ જંગળી;
જાગીને તું જરા કરને વિચાર એ-ટેક.
સૂતો શું સોડ તાણી જાગને જરા;
જાશે જોબનને થાશે જરા. જીવ૦
ફુલ્યો ફુલ્યો તું ફરે સંસારની ગાંય,
મીથ્યા ગથી ગરે મૃગજળ માંય. જીવ૦
વાંકી શું મુછ રાખી ફાંકડો ફરે,
પટીઆં પાડી નહિ કોઈથી ડરે. જીવ૦
રાંકડાને રોવરાવી ધન તું ધુતે,
લાવી ઝપાટે લોકોને લુંટે. જીવ૦
જીનજી પૂજા કોરે કરી,
નમાવે શીશ બાંમ્નને જઈ. જીવ૦
કાળ ઝપટમાં ઝાલશે તને,

ન લાગે વાર હું તો કહું છું ખરે. જીવ૦
ડહાપણ ડોળવું મુકી તું દઈ,
જોજે જીનજી ભાવે જઇ. જીવ૦

પદ ૮.

(કુંવરી કુંવર ગારા લાડકા—એ રાહ.)

ડાક ડમાક[1] છોડી ચાલવું,
ધોલ વાગશે સહિ;
હાડ જશેરે તુટી જીવડા,
લાગ મળશેરે નહિ. ડા૦ ૧
બાર વહિ વહિ વૈતરા,
સાર[2] ભેગું રે કીધ;
ઇજ્જત ખોઈ ઘડી એકમાં,
જે હાથે નવ દીધ. ડા૦ ૨
જાણુ જરૂરરે જીવડા,
નથી તારૂં રે કોઈ.
દેહ નથી તારી તાહરી,

---

૧ સંસાર સબંધી ઉપાધી. ૨ પૈસો, દોલત.

માટે ચાલજો જોઈ. ડા૦ ૩

માત પિતા, બંધવ વળી,
મામા ભામીને ફોઈ,
મુખ વિકાસીને બેસશે,
રહેશે બે ઘડી રોઈ. ડા૦ ૪

કાકા કાકી ફુઆ ફાલતુ,
મિત્ર પુત્ર પરિવાર,
હા! હા! હુહુ કરી નાચશે,
માટે રહે ખબરદાર. ડા૦ ૫

ચકલા તે સુધી વળાવીને,
વળશે નર નારી સાથ[2],
પુરૂષ લઈ સમશાનમાં,
બાળશે હાથો હાથ. ડા૦-૬

[1]દશ દ્રષ્ટાંતે દોહિલી,

---

૧ બાઈ ભાંડુઓ. ૨ સમુદાય.

१. चुल्लग, पासगधन्ने, ॥
जुये, रयणेय, सुमिण, चक्केय
चम्म, जुगे परमाणु ॥
दशदिट्ठंतामणुअलभे ॥ १ ॥

કહિ સૂત્રે જેહ,
[1]નદી પાષાણ ન્યાયે કરી,
પામ્યો મનુષ્ય[2] દેહ. ડા૦-૭
આરજ[3] ક્ષેત્ર પામ્યો વળી,
પામ્યો સમકિતી કુળ,
હવેરે સુકૃત[4] કર જીવડા,
નહિતો થાશે એ ધુળ. ડા૦-૮
માટે કહ્યું મારૂં માનીને,
ડાહ્યું રાખીને મન,
ભજ[5] શ્રીપંચ પરમેષ્ટીને,
જે છે સાથેનું ધન. ડા૦-૯

પદ ૯.

(ધિઃક યુવા ધિઃક મુજને—એ રાહ)
જો જો વિચારીને જીવડા,

---

૧ જેમ નદીમાં અથડાતાં પથ્થર ગોળ થાય છે તેમ. ૨ મનુષ્ય સબંધી, ૩ આર્ય.
૪ સારૂં કામ, ૫ સ્મરણ કર.

હૈયું રાખીને હાથજી,
જાણુ જરૂર છે ચાલવું,
[1]ગાફલું ન સંસારજી. જો જો૦ ૧
તન છે રંગ પતંગનો,
મિથ્યા રગથા મારે આપજી,
સુત[3] વીત[4]દાર સગું નહિ.
નહિ માયને બાપજી. જો જો૦ ૨
ત્રણુ ગતિ તનની કહિ,
પાળો પોખો વિધે લાખજી,
નરક થાય કીડા પડે,
થાય અંતે વા ખાખજી. જો જો૦ ૩
કંકુ કેસરને કસ્તુરી,
અત્તર અનોપમ સારજી;
ચરચે જે તું અંગને,
પખોરશે મુકી ભારજી. જો જો૦ ૪
હાથે કરયું સાથે આવશે,

---

૧ મોજ મજા કરવી.
૨ મહેનત કરે. ૩ પૈસો. ૪ સ્ત્રિ.—બાયડી
૫ તે અંગને (શરીરને) ખોરશે

ફાવશે નહિ કંઈજી,
ફુલ્યો ફરે છે સંસારમાં,
ફાં ફાં મારીશ ત્યાંઈજી. જો જો૦ ૫
મનને ડાહ્યું રાખીને,
તન અર્પીને ઈશજી;
ધનની દોડ દૂરે કરી,
નાગ જીનજીને શિશજી. જો જો૦ ૬

પદ ૧૦

(રાજા પી લે દારૂડા—એ રાગ.)

રાગ માઢ.

ભજ ભાન ભજી ભગવાન તું માનવ! માન મુકી જરા; માન મુકી જરા–માનવ! મા૦ ભજી—ટેક.

ધસ મસતો ધાએ ધન માટે,
નાચે નીરખી નાર,
સાર શું એમાં શાણા ગાણો,
જાણો એ જોખમકાર, માનવ! ૧

કાખમાં ઘાલી ઘોતી પોતી,
પોતે પર [૧]આગાર;
મોહ માયા તણી લાલચે લાગી,
ફેગ ધુમેરે ગમાર! માનવ! ૨
રામા રંજન ગંજન અંજન,
મરી કરી શિશ પાય;
ફાગ ગાએ જન રાગ રૂડામાં,
લાગે [૨]લલાટે ડાઘ. માનવ! ૩
'રામા રાગા ધન ધન' કરતો,
ફરતો ફરે દશ દીશ,
શ્રી જગદીશને શીશ[૩] નમાવા,
[૪]મિથ્યા બતાવે મીશ. માનવ! ૪
લાખોને શાખા વિતાડી,
ગારી ઝુડી પાડી ધાડ;
રોવાડી રાંક રે! કાંક અનાડી,
ધન ધર્યું ખણી ખાડ. માનવ!
આણી આખે નહિ કોઈ ધણી રણી,

---

૧ ઘર. ૨ કપાળે. ૩ માથું. ૪ ફોગટ,જુઠા.

રમણીકે ખાણી ખાડ;
આખર ખાખર વાશી થાશો,
લાલ બનેલ લગાડ. માનવ ! ૬
રાખ થયા કંઈ રાંક કે રાજા,
સાજ પુરે સંસાર,
જૈન પ્રવર્તક દાસ દયાનિધિ !
કે'ણુ તણો અધિકાર. માનવ !

પદ ૧૧

ધન્યાશ્રી. એ રાહ.

જગદાધાર કૃપાળ જય જય—
ભક્ત મનોરથ વેલી ખીલાવા,
વાદળ રૂપ વિશાળ—
જગ જન ચાતક તૃષા છિપાવા;
રૂડા ઇંદ્ર રસાળ.—
પંજર ભવ બાળે પડીઓ જીવ પંખી.
ત્રાતા દુઃખ તસ ટાળ—
મુક્તિ પ્રિયાવિણ પંખી મરશી;

સ્વામી લે સંભાળ.—
ગાયા વંશી નદિ મોહ્યા;
જીવ હરણુ પડગો જાળ--
શિવ સુખદાયક નવીન નાયક;
પાગર પશુને પાળ--

પદ ૧૨

ભરૂાઈ સકુકી ચોટ. એ રાગ.

અરે ચેતન આમ તું શું અકળાય;
જાવું દૂરે હજી છે અલ્પા--   અરે.

શાસન નાયક વિર જીનેશ્વર;
સાહેબ એ તુંજ સાયક સાચો—   અરે.
મૂકીને સઘળી અવળી બાજી;
અરે જા તું જગપતિ શરણે જા— અરે.
શું વળશે બગતાં એ ભોયડ;
ભોયડ લાગ નહીં ગળશે--   અરે.
અરે જા, ઝટ થા જીનવર પાસે;
આજ એ જંગમ કલ્પતરૂ--   અરે.

મોહી રહ્યા શું માયા જાળે;
કાળે હાઝ ચુરા થાવા-- અરે.
સમજી વરજી જીવ જીનવરજી;
સફળ અરે જીવતર કરી જા-- અરે.

પદ ૧૩

(જબકે કલંદર) એ રાહ.

તું પ્રભુ ત્રાતા તું પ્રભુ દાતા એકજ જીનવર તું આધાર,
તું જ વિણ સ્વામી સેવકજનને વેગે ક્યાંથી આવે પાર;
નથી ધન.કંચન મનનું મારે કાંઈ કામ.
પુણ્યના પ્રભાવે ગળે દામને દમ,
વાંછુ આપ દરીશન નાથ ઠામોઠામ.- તું પ્રભુ.
છતાં ત્યાગીને વીરાગી દેવ તમે છો દયાળ,
નાથજી સમર્થ જાણી યાચું છું આવાર,
નવિન ઉતારો નાથ પ્રભુ ભવપાર-- તું પ્રભુ.

પદ ૧૪

(એવીરે રંભા). એ રાહ.

આવીરે વેળા મળવી નથી જીવ ક્યાંઇ,

ભોળારે ભાઇ ધર્મ શરણુ કર ધાઇ- ટેક.
સર્વ જન્મમાં શીરોમણી જે મનુષ્યનો અવતાર,
તે તું પામ્યો પુણ્ય યોગથી સફળ કરી લે યારરે. આ.
ખરચી બાંધી લાવ્યા છેડે છે છેવટ ખુટનાર,
બાજી સુકયા તો ચેતનજી પાછીમાં હરનારરે. આ.
ચોકસ કરતાં ચાલ્યા જાશો કેડે લાગ્યો કાળ,
ભુખ્યાને ભુખ્યા કુટાશો ઠેલી મુકયો થાળરે. આ.
મુકી જાવું મ્હેલ માળીઆં છેવટ ખાલી હાથ,
મારૂં તારૂં કરી મુરખડા ભરે હવામાં બાથરે. આ.
ખરે ચોમાસે કરીશ ખેતી કરી વેગળી વાત,
દિવસ પાછલો દેખીશ સુખ તું ચતુર ચેતન ભ્રાતરે.
ભૂલે માટે રખે બાઇ તું રખે લગાડે વાર;
નવીન જીનવર વચનામ્રતથી થાશે જય જયકારરે. આ.

પદ ૧૫

(થાઓ તમે તૈયાર). એ રાહ.

ચાલ ઉઠ તું ચેતન ચાગી જા કામે તારા.
અરે હાં જા કામે તારા.
બન્યો બગીચો રૂડો ભુંડા આળસમાં બગડે.

નિંદ્રા લાગીરે નિર્ભાગી જો પેલા ક્યારા. અરે હાં.
જીવ હિંસાના ઝેરી જંતુ વેલાને વળગ્યાં;
કોમળ એ સદ્દગુણની વેલો કેમ વધે પેલા.અરે હા.
કષાય ગોદા મારે કેવા જો પેલા ધુમે;
રેરે ભોળા ભદ્રિક માળી ન્હારે તું જ લાગ્યા.અરે. હાં.
દાન દયાનું ખાતર નાંખી, શમ દમ જળ સીંચી,
નિંદી પાપસ્થાનક ત્રણુને, કરો સ્વચ્છ ક્યારા.અરે. હાં.
અનેક આવરણો ઉતારો કમળ કરી સારી,
છે જીન વચનામૃત ધારાથી ફૂલ થાવાં સારાં. અરે.
ચેતન માળી છું અધીકારી, નર ભવ ઉપવનનો,
નલિન ભક્તિ યુક્તિથી ફળ, મુક્તિ મળનારાં. અરે

પદ ૧૬

જલ્સાની ગજલ.

હા થવા શા હાલ તારા જીવ જો જરી,
રે અનાડી અંધ તારી ક્યાં ગતિ ફરી— હા થવા.
સૂજે નહીં એ ભાઇ તને પંથ પાંશરો,
અોક ઉંધા પંથના તું ફંદમાં ફસ્યો— હા થવા.
વ્હાલાં સગાં સોબતીઓ રેહશે વેગળાં;

પત્ની પુત્ર મુકી જાવું જીવ એકલા-- હા થવા.
રેરે પંખી રાત દહાડો ગાળામાં ગચ્ચો,
વારૂ શું આજોજ આવો ગાળો તેં રચ્યો-હા થવા.
અનેક ગાળા બાંધ્યા ભાગ્યા ભાગી બાંધશો,
આ તે ભાગફોડમાંથી ક્યારે છુટશો-- હા થવા.
ચેતન પંખી એવી હવે યુકિત આદરો;
જેથી ભાગફોડ મુંકી ઠામે જઇ ઠરો-- હા થવા
માગો વિશ્વનાથ પાસે હાથ જોડીને,
નવિન પંથ શાંતિનો સ્વામિ સુગનડીદે-- હા થવા,

પદ ૧૭

દેશ ઠુમરી.

કુથળીગાં કાળ ગયો, અનાદિથી આમ ભમ્યો,
ભાઇ એ કુથળીગાં કાળ ગયો--
તન ધન જોબન મદથી છાકી ગર્કટ મુળગો મુઓ.
અનાદિથી આમ ભમ્યો-- ભાઇરે કુથળીગાં,
કાળ મહારી કેડે લાગ્યો ચેતન ચેતી જુઓ,
અનાદિથી આમ ભમ્યો-- ભાઇરે કુથળીમાં.
ભગવંત ભકિત નવિન નિત્યે ભાવે આદરજો,
અનાદિથી આમ ભમ્યો-- ભાઇરે કુથળીગાં.

પદ ૧૮.

જય જય જગત્રાતા. એ રાહ.

જય ત્રિભુવનનાયક, શિવસુખ દાયક, લાયક દીનદયાળ,
જય જગદાધાર કૃપાળ-છો મહાવીર જીન મયાળ;
કરી નજર તું પાપ પ્રજાળ. સ્વામી સાચારે--
કરૂણા રતનાકર,ગુણ ગણ આકર, પામર જન પ્રતિપાળ
જીન માયા જાળ નિવાર, ભવ સાગર પાર ઉતાર,
દધ વિભુજી જ્ઞાન વિશાળ. સ્વામી સાચારે—

પદ ૧૯.

પ્રભુ તારી. એ રાહ.

જીવ તારી, ગતિ શી થનારી જરી,
જો વિચારી ફરી- જીવ.
લખ ચોરાશી ભવની ભૂલવણી,
જાવું જીવ પસાર કરી-- જીવ. ૧
પંથ સરળ પામ્યો કંઈ કાળે,
જાતો આડો રખે નીસરી. જીવ. ૨
માનવ ભવ એ મધ્યબિંદુ છે,
ભાઈ જાતો રખે તું ભુલી. જીવ. ૩

રાખી સરત આ ધરમ ધજાની,
ઉંધે પંથે ન જા ઉતરી. જીવ. ૪
નવીન પ્રબોધક જીનવર જેવો,
ચેતન ગળાંવા નથી રે ફરી. જીવ. ૧

પદ ૨૦.

ચંદારે બીના. એ રાહ.

વખત વરતી જા જીવ વેપારી,
ખરી ખરીદની કર તૈયારી. એ ટેક.
રામાટાગા મુખી બાજી વેગે કર વકરો,
પીઠ પછીગા રે સોદાગર આવી ન ગળનારી. ૧
નર ભવ નગર સમો નહીં મળશે બીજે કોઈ બજાર
લાખો લોકો થયા લખપતી જાકતા હતા જે ભિખારી. ૨
ત્રિભુવન હિતકારી જીન શેઠની સલાહ શુભ લેજે;
દલાલ દર્શન જ્ઞાન ચારિત્રની કર મિત્રાચારી. ૩
ચારગતિની ચોપાટી પર સેહેલે રખે ચઢતો,
પાપ ચોકમાં પગ નવ ધરતો વેગે વિચારી. ૪
વેચી સાટી વિવિધ તરેહનાં ઝટપટ કરીઆણું;

નવીન પુન્યનો સોદો કરવા.

પદ ૨૧.

હમતો આશક હે. એ રાહ.

મુકી દે મારૂં તારૂં ભાઇ એમાં સાર નથી,
ભરે બાથ આભથી અરે કાંઇ વળનાર નથી. એટેક.
પીને માયાની મદીરા છાકયો છાકયો શું ભમે,
ઝપાટા જીવડા તેં કાળના જોયા નથી. ૧
ક્રોધ માન માયા લોભ ચારે ધુતારા મળ્યા,
ખુશામતખોરની સોબતમાંહી સાર નથી. ૨
ગુમાવી પુન્યગર્થ માઠી છે તારી ગતિ,
ચેતી લે ચેતી લે ચેતન શું શું કહું કથી. ૩
પ્રવૃતિવેશ્યાના પ્રસંગે બુદ્ધી તારી મારી ગઇ,
નિવૃત્તિ પદ્મણી જેવી નારી ગણાની નથી. ૪
પતિ પુત્ર સ્નેહી સગાં છે સંબંધી સ્વાર્થનાં,
આપત્તિ આવે કોઇ પાસે જીવ ઉભું રહેનાર નથી. ૫
સાચા સ્નેહી સગાં માંહી એક વીતરાગ છે,
નવીન વિશ્વબંધુ વિના પાર પામવું નથી. ૬

-२.

..રી. એ રાહ.

ત્તા એ મનપતંગ ન માને,

..ધા ઉડી પરાણે;

.. વારૂં રે બાઝે એ અનેક બાને,

નવ સારૂં નરસું પીછાણે. એ ટેક.

રે પતંગ પામર પ્રાણી રે,

શુણી હીતકારક આ વાણીરે;

લે તત્વ તરત કાંઈ તાણીરે,

અજ્ઞાનીરેજમનો શું જાને. જા. ૧

ભાઈ કાયા રે તારી બડ બડ બળશે,

રાખ રાખ માંહિં રે મળશે;

એ પીડા રે શી રીતે સહેવાશે,

પછી પાછળ તું પસ્તાશે;

તે વખતે રે કરતાં ક્રોડ કલ્પાંત,

નવ વળવાનું કાંઈ ભ્રાત;

કુવો ખોદવા રે આગ સળગતાં વાંત,

શું કરીએ બને એ વાત;

.. પેહેલેથી જો ચેત રે,

તોં ઝાળ થકી રહે છેટેરે,
સ્વલ્પ લાલચમાં રખે ભેટેરે,
સંસારનીરે ઝાળનું બળ નવ જાણે. જા.
રંગ બેરંગીરે પાંખ આ સુંદર બળશે,
તારી ચપળ ગતિ પણ ટળશે;
નવ સગઇશરે સગાં સંબંધી તારાં,
હાથે કરી એ હોમી દેનારાં;
બનાવીરે ખુબ તને મસ્તાન,
દેશે તારૂં પછી બળિદાન;
એ ઝાળમાં રે જોતું નવ સપડાય,
તો તો તારી ચતુરાઈ ગણાય;
જા દોડી તું એક સાસેરે,
તે જ્ઞાનદીપકની પાસે રે,
ત્યાં અદ્‌ભૂત શાંતિ થાશે રે,
શીવપુરીએરે નવીન ઝડપ પહોંચાડે. જા. ૩

પદ ૨૩.

મેરે ગમકા તરાના. એ રાહ.

રેરે કુમતિના રાગી, જોને તું જાગી, શા દશા થશે;

.ટાવી, પાપી બનાવી, ઠેલી
મેલશે. એ ટેક.

. નિત્ય બતાવે, નવ નવા રાગને રંગ;
.રાથી ગત્ત ન જાણે, એ ધુતારીના ઢંગ,
જુઠી પ્રીત જણાવી, ફંદે ફસાવી, પાપી બનાવી,
ઠેલી મેલશે. રેરે કુમ.—૧

જે જન વાવે ઝેરનો વેલો, આણી અતીશે વહાલ,
અમૃત સરખાં ફળ આંબાના, પામે નહીં કદી કાળ;
વાત આવી ચાવી, મન ન ભાવી, કુમતી ફાવી,
પાપી બનાવી ઠેલી મેળાશે. રેરે કુગ.—૨

રેરે ચિદાનંદ સુમતિના સ્વામી, પરઘેર પૂર્યો વાસ,
ગુણવંતી આ સુમતી ગોરી, નાહક કીધી નિરાશ,
દયા લેશ ન આવી, બુદ્ધી ગમાવી, સુમતિ રીસાવી;
પાપી બનાવી ઠેલી મેળશે. રેરે કુમ.—૩

સુંદર મંદીર માંહી રમે તું, કરે ન કાંઇ વિચાર,
સહજ બેડીએ કુમતિ બાંધી, કરશે છેક લાચાર;
તારી દૃષ્ટિ ચુકાવી, ટેક મુકાવી, જુઠુ ભણાવી,
પાપી બનાવી ઠેલી મેલશે. રેરે કુમ.—૪

સુનો મહેલ પડયો સુમતિનો, શાશ્વત સુખનું ઠામ,

ઝટપટ ચેતીને ચેતનજી ,
ગ્યાન નવીન સુધ્યારી, રોજ રા..
મોક્ષે પહોંચાડી, સુમતિ મેલશે. રેરે ૩
જોને તું જાગી શી દશા થશે.

પદ ૨૪.

હુઠમત. એ રાહ.

આળસ તજી જગનાથના મંદીર મહીં જા,
સુંદર ગીત ગા.
રાગ અલાપ કરી અતિ અદ્ભૂત,
ની સા રી રી સાસાનીધ પ મ ગ રી ગરીસા. આ. ૧
કીડ કીડ કીડ ત્રક ધગન તરકીટધા,
કરે નવીન રવિ ચિત ઉદય પ્રકાશ. આ. ૨

પદ ૨૫.

આવત મોરારી. એ રાહ.

જાયે આ જવાની રે,
બાઈ રે કહે કોણુ તને, કાળ જાય, બાળ બાળ.

.નત રમત ભુંડા.—ભાઈ.
. જંજાળ, ભજ પ્રભુજી શ્રીકૃપાળ
ટાળી કર્મ કુડાં.—ભાઈરે. ૧
.ન ધન આ દમામ, તજી જવું છે રે તમામ
નવીન ધાગ રૂડા.—ભાઈરે. ૨

સમાપ્ત.